# વાર્ષિક અહેવાલ : ૨૦૧૩-૨૦૧૪

## ★ શૈક્ષણિક :

લગભગ ૧૩૦૦થી વધુ વિદ્યાર્થિનીઓની સંખ્યા ધરાવતી આ કૉલેજના પરિણામો પ્રતિ વર્ષની જેમ ઉજ્જવળ રહ્યાં.

### પરિણામો (૨૦૧૨-૨૦૧૩)

| | | % | % |
|---|---|---|---|
| આર્ટ્સ : | BA SEM I & II | 57.45 | 81.40 |
| | BA SEM III & IV | 75.97 | 81.70 |
| | T.Y.B.A. | 78.90 | |
| કોમર્સ : | B.Com SEM I & II | 81.21 | 85.47 |
| | B.Com SEM III & IV | 77.08 | 91.53 |
| | T.Y.B.Com | 81.73 | |

### કોલેજનું ગૌરવ

**નૂઝહત શેખ :**



- બી.એ. (હોમસાયન્સ) સેમેસ્ટર IV (83.00%)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને.
- ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર આર્ટ્સ વિભાગમાં SEM IVમાં પ્રથમ સ્થાને.

## ★ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ :

- શૈક્ષણિક વર્ષના પ્રત્યેક સત્રમાં Parents Meetingનું આયોજન કરવામાં આવ્યું.

  પ્રથમ સત્રના પ્રારંભમાં ખાસ કરીને પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓ તથા તેમના વાલીઓને કૉલેજનો પરિચય આપવાના હેતુથી યોજાયેલ મિટિંગમાં કૉલેજની શૈક્ષણિક તેમજ શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ વિશે તથા કૉલેજ પરિવારના તમામ સભ્યોનો પરિચય કરાવવામાં આવ્યો. કૉલેજના Vision, Mission ઉપરાંત કૉલેજના ઉદ્‌ભવ-વિકાસ તથા માળખાગત સુવિધા, સગવડો વિશે જાણકારી આપવામાં આવી.

  બીજા સત્રમાં વિદ્યાર્થિનીઓના વ્યક્તિત્વ વિકાસના અનુસંધાનમાં માહિતી મેળવવાના આશયથી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓ તથા તેમના વાલીઓએ પ્રતિભાવ આપતા જણાવ્યું કે, "બહેનોના સર્વાંગી વિકાસના હેતુથી ૧૯૨૦માં સ્થપાયેલ આ કૉલેજ આજે પણ પોતાના હેતુને લક્ષમાં રાખી કામગીરી કરી રહી છે તે જોઈ શકાય છે. નવ દાયકા પછી આજે પણ કૉલેજનું વાતાવરણ પારાવારિક ભાવનાવાળું અનુભવાય છે. શિક્ષણ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બહેનોના વ્યક્તિત્વ ઘડતરમાં આચાર્ય, શિક્ષકોનું માર્ગદર્શન ખૂબ ઉપયોગી નીવડ્યું છે."

## ★ UGC દ્વારા અનુદાનિત કેરિયર ઑરિએન્ટેડ કોર્સિસ (COC) :

UGCના અનુદાનથી Career Oriented Courses અન્વયે Human Resource and Personnel Management (HRM) તથા Hospital Nutrition and Dietetics (HND)ના કોર્સમાં વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં શિક્ષણ પ્રાપ્ત કર્યું.

- **Human Resource and Personnel Management Course :**

શ્રી પ્રીમા મહેતાએ વહીવટી-સહાયક તરીકે કામગીરી કરી.

- ૨૮ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ Shri Arun Harne (G. M. Marketing & Sales, Adani Willmar)નું Role of HR in Marketing & Sales case study of Adani   વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું.
- ૩૧ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં Ahmedabad Management Associationના ઉપક્રમે આયોજિત HRD as a Change Agent   વિષય પર 12th Annual HR Conferenceમાં શ્રી મૃણાલ મહેતા (Faculty, HRM), શ્રી જયશ્રી ઠાકોર (Faculty, HRM), શ્રી પ્રીમા મહેતા (વહીવટી સહાયક, HRM) તથા વિદ્યાર્થીઓ સહભાગી બન્યા.
- ૫, માર્ચ, ૨૦૧૪ના રોજ શ્રી રોહિત ઠાકર (HRD Consultant & Ex. Zonal Director, Govt. of India HRD Facilitators)નું Practices of HRD   વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું.

**Role Play :**

- તા. ૫, ઑક્ટોબર, ૨૦૧૩ ના રોજ First year HRMના વિદ્યાર્થીઓએ ડૉ. જયશ્રી ઠાકોર તથા શ્રી મૃણાલ મહેતાના માર્ગદર્શન હેઠળ Recruitment & Selection Process  Case of Madhuban Palace Hotel  વિષય પર Role Play   કર્યો. જેના દ્વારા વિદ્યાર્થીઓએ Advertisement બનાવવાથી શરૂ કરીને Selection Process નું Practical જ્ઞાન મેળવ્યું.
- ૨૪, જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ First year HRMના વિદ્યાર્થીઓએ HRMની જુદી જુદી theme જેવી કે Planning, Organising, Directing, Controlling, Communication etc. પરRole Play કર્યો.
- ૧૪, માર્ચ, ૨૦૧૪ના રોજ Third year HRMના વિદ્યાર્થીઓએ Strike  Venus Clousers Pvt. Ltd.  પર Role Play કર્યો.

- **Hospital Nutrition and Dietetics Course :**

કૉ-ઑર્ડિનેટર તથા વિષય નિષ્ણાત ડૉ. જૂઈ શાહના નેતૃત્ત્વ હેઠળ વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓને Dieticians, Doctors તથા Nutrition Experts દ્વારા અભ્યાસ મુજબ સૈદ્ધાંતિક તથા પ્રાયોગિક ધોરણે શિક્ષણ આપવામાં આવ્યું.

વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓએ ચર્ચા, સેમિનારમાં ભાગ લઈ, વિષયોચિત માહિતી પ્રાપ્ત કરી. તદ્ઉપરાંત જીવરાજ મહેતા હૉસ્પિટલ, નિધિ હૉસ્પિટલ, પારેખ્સ હૉસ્પિટલ, રાજસ્થાન હૉસ્પિટલમાં આયોજિત તાલીમ શિબિરમાં સહભાગી બની, વિષય નિષ્ણાંતો દ્વારા તાલીમ મેળવી.

- તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ ડૉ. રેણુ ગુપ્તા (અધ્યક્ષ, ન્યૂટ્રીશન વિભાગ, તળવલકર હેલ્થ અને ફીટનેસ સેન્ટર, અમદાવાદ)ની ઉપસ્થિતિમાં Campus ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓને placement પ્રાપ્ત થયું.

- **Job Placement :**

➠ **અમદાવાદની ખ્યાતનામ હૉસ્પિટલ તથા હેલ્થ સેન્ટરમાં વિદ્યાર્થિનીઓ...**

– સિધ્ધિ શાહ – એપેક્ષ હૉસ્પિટલ, એસ.જી.હાઈવે, અમદાવાદ

– ચૈતાલી શુક્લ – તળવલકર હેલ્થ ફિટનેસ સેન્ટર, પાલડી, અમદાવાદ

...માં ડાયેટિશિયન / મદદનીશ ડાયેટિશિયન તરીકે કાર્યરત છે.

➠ **અમદાવાદના કોર્પોરેટ ક્ષેત્રમાં / Self Proprietor તરીકે કાર્યરત વિદ્યાર્થીઓ...**

| | | | |
|---|---|---|---|
| • | Pallavika Bhatt | Admin Head | Shubham Super Speciality Hospital, Ahmedabad. |
| • | Vishal Patankar | Assistant Labour Laws Consultant | Mashar Associate, Ahmedabad. |
| • | Vatsal Mashar | Business Owner | Vatsal Mashar, Ahmedabad. |
| • | Anuja Raval | HR Admin | Planet Suzuki, Ahmedabad |
| • | Hetal Thakkar | HR executive | Mass Financial Services Ltd., Ahmedabad. |
| • | Omni Soma | HR Recruiter | Genius Placement Services, Ahmedabad. |
| • | Arpita Jadav | HR Recruiter | Genius Placement Services, Ahmedabad. |
| • | Sejal Shahu | Research Associate | First Opinion online Solution Pvt. Ltd. (Maruti Suzuki Project), Ahmedabad. |
| • | Pooja Rajput | Admin. | HDB Financial Services, Ahmedabad. |

- Jignesh Parmar Operator Blue Dart Express Ltd., Ahmedabad
- Shaila Jambhale Admin. Abhinandan Travels Ahmedabad.
- Khushal Alani Admin. HDB Financial Services Ahmedabad.
- Monika Patel Admin. HDB Financial Services Ahmedabad.
- Dhara Panchal Admin. HDB Financial Services Ahmedabad.
- Shilp Shukla Admin. HDB Financial Services Ahmedabad.
- Komal Tiwari - Admin. HDB Financial Services Ahmedabad.
- Sanjay Parmar Customer Care Executive, Focus Pvt. Ltd., Ahmedabad.

## ★ Faculty Development Programme :

- તા. ૨૬ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ Research & Publication વિષયક આંતરકૉલેજ Faculty Development Programmeનું આયોજન કરવામાં આવ્યું.

  આ પ્રસંગે **કૉલેજના Aarsi A Journal of Social Reflection ના (ISSN : 2231-2897;** Vol-1; No-1; September 2013) પ્રથમ અંકનું વિમોચન કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય વક્તા તથા જરનલના વિમોચનકર્તા પ્રો. રોહિત શુક્લ (જાણીતા અર્થશાસ્ત્રી તથા સંશોધક)એ પોતાના વ્યાખ્યાનના પ્રારંભમાં કૉલેજ પરિવારજનોને અભિનંદન પાઠવી જણાવ્યું કે, ''સમાજજીવનને સ્પર્શતાં મુદ્દાઓને કેન્દ્રમાં રાખી સંશોધન આધારિત લેખો / પેપર્સ Aarsi Journal માં પ્રકાશિત કરવાનો આશય સરાહનીય છે.''

  તેમણે તેમના વક્તવ્યમાં સંશોધનના વિવિધ વિષયો, સંશોધનની પ્રક્રિયા, આંતરશાસ્ત્રીય સંશોધન – તેનું વિશ્લેષણ, અર્થઘટન, રજૂઆત, પ્રકાશન વગેરે વિશે પોતાના સ્વાનુભવ તેમજ સંશોધન આધારિત ઘટનાઓના આધારે માહિતી આપી.

  વ્યાખ્યાન બાદની પ્રશ્નોત્તરી દ્વારા અધ્યાપકોએ વિષયોચિત સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

- તા. ૯ એપ્રિલ, ૨૦૧૪ના રોજ Achieving Excellence in Life & Work વિષયક Intercollege Faculty Development Programmeનું આયોજન કરવામાં આવ્યું.

  આ પ્રસંગે કૉલેજના પ્રાધ્યાપકો -

– **ડૉ. અર્ચના પંડ્યા** (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ)ના E-book : Biography and Autobiography : Gandhi era પુસ્તકનું પ્રસારણ મલ્ટી મીડિયા દ્વારા કરવામાં આવ્યું.

– **ડૉ. વર્ષા પ્રજાપતિ** (અધ્યાપક-સહાયક, ગુજરાતી વિભાગ)ના પુસ્તક 'રમેશ પારેખની કાવ્યકલા'નું વિમોચન કરવામાં આવ્યું.

  કાર્યક્રમના મુખ્ય વક્તા Shri Rohit Thaker (HR Consultant) એ પોતાની આગવી હળવી શૈલીમાં છતાં ચોટદાર ઘટનાઓના ઉદાહરણ સહિત વિષયોચિત વક્તવ્ય આપ્યું. તેમણે પોતાના વક્તવ્ય દ્વારા સ્વયંથી સંસ્થા વિકાસ, સંસ્થાકીય વર્તન, સંસ્થાકીય સંસ્કાર, જાણકારીના પ્રકાર, વ્યક્તિત્વના પાસાં વગેરે વિશે જીવન ઘટનાઓના પ્રસંગોને સાંકળીને વિસ્તૃત છણાવટ કરી.

  વક્તવ્ય બાદ અધ્યાપકોએ વૈચારિક આદાન-પ્રદાન દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

  મુખ્ય વક્તા તથા એસ.એલ.યુ. પરિવારજનોએ બન્ને લેખિકાઓને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી.

★ **Remedial Coaching for SC / ST / OBC and Minorities :**

વર્ષ ૨૦૧૩-૨૦૧૪ દરમિયાન વિવિધ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લાભ લીધો.

- Accountancy, Statistics વિષયક વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોમર્સની વિદ્યાર્થિનીઓએ રસપૂર્વક ભાગ લીધો.
- Economics, Geography, Sociology વિષયક વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેનો આર્ટ્સની વિદ્યાર્થિનીઓએ લાભ લીધો.
- કૉલેજમાં અભ્યાસ કરતી આર્ટ્સ તેમજ કોમર્સની વિદ્યાર્થિનીઓ માટે English Improvement & Communication હેઠળ વર્ગો યોજવામાં આવ્યાં. જેનો લાભ વિદ્યાર્થિનીઓએ મોટી સંખ્યામાં લીધો.

★ **Career and Counseling Cell :**

વર્ષ દરમિયાન સેમિનાર, વ્યાખ્યાન તથા Campus Interviewનું આયોજન થયું.

- તા. ૧૩ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ પ્રા. ભરત પટેલના સંચાલન હેઠળ Denta Web India Pvt. Ltd.ના શ્રી તુષાર ગેડિયા અને તેમની ટીમ દ્વારા Campus Interviewનું આયોજન કરવામાં આવ્યું.
- તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ Career Launcher India Ltd.ના Shri Bijal Dodluiwala તથા Shri Shweta Khanna એ Carrer વિશેના નવા આયામો' વિષયક વ્યાખ્યાનો આપ્યાં. જેમાં Compitative Exams GPSC, UPSC, Banking Exam વગેરેમાં કેવી રીતે તૈયારી કરી શકાય તેની વિગતો આપી. પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.
- તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ AMITY GLOBAL BUSINESS SCHOOLના નેજા, હેઠળ આયોજિત Career Awareness વિષયક સેમિનારમાં શ્રી અવિનાશ ચંદ્રા તથા શ્રી કુન્દન શર્માએ ગ્રેજ્યુએશન પછી શું થઈ શકે તેના વિશે વૈવિધ્યસભર માહિતી આપી. આ સેમિનારમાં વિદ્યાર્થિનીઓ રસપૂર્વક સહભાગી બની.
- તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ICECD (International Centre for Entrepreneurship and Career Development) Bopal ના નેજા હેઠળ Career Awareness Programme યોજાયો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ સહભાગી બની.
- તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ National Institute of Mass Communication of Journalism તથા LICના સંયુક્ત ઉપક્રમે Information for Career વિષયક Programmeનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ કારકિર્દી કેવી રીતે ઘડી શકાય તે અંગે વિસ્તૃત માહિતી મેળવી.
- તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ડૉ. જૂઈ શાહ તથા ડૉ. શૈલજા ધ્રુવની નિશ્રામાં Gujarat Kelavani Trust સંચાલિત Training College for the Teachers of the Mentally Retardedના નેજા હેઠળ

Career and Social Work (કારકિર્દી અને સમાજસેવા) વિષયક કારકિર્દી ઘડતર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

શ્રી દામિની પટેલ તથા શ્રી કોમલ ઓઝા (શિક્ષકો, જી. કે. ટી. ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ)એ વિદ્યાર્થિનીઓને ટ્રેનિંગ કૉલેજના કોર્સિસ, તાલીમ તેમજ અર્થોપાર્જનની વ્યવસ્થા વગેરે વિશે સવિસ્તર માહિતી આપી. સમાજસેવા સાથે કારકિર્દી ઘડતર સંબંધિત પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી, Training Collegeમાં પ્રવેશ મેળવવા બહોળી સંખ્યામાં Registration Form ભર્યા.

★ **Skill Development :**

- તા. ૩-૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમિયાન NSDC (National Skill Development Corporation)ના નેજા હેઠળ Future Sharp Skills Limited, Mumbaiના સહયોગ દ્વારા Retail Management વિષયક કોર્સનું આયોજન કરવામાં આવ્યું. Shri Hiral Gondalia (Counsellor, Future Sharp Skills)ના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કોર્સનો લાભ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લીધો.
- તા. ૪-૧૫ માર્ચ, ૨૦૧૪ દરમિયાન શ્રી અનારબહેન પરીખની નિશ્રામાં શ્રી મુમતાઝ વોરા (નિષ્ણાંત – Aariwork)ના માર્ગદર્શન હેઠળ Aariwork Workshop નું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થિનીઓએ આ Workshop દ્વારા Aariworkની વિવિધ પદ્ધતિઓ વિશે જાણકારી મેળવી, પ્રેક્ટિસ કરી.
- તા. ૨૭-૨૯ જાન્યુઆરી, ૨૦૧૪ તથા તા. ૩૦-૩૧ જાન્યુઆરી – ૧ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમિયાન બે તબક્કામાં પ્રા. રૂપલ દેસાઈની નિશ્રામાં અખિલ ગુજરાત મહિલા સંસ્થા ‘શક્તિમંચ’ના નેજા હેઠળ Beauty Care વિષયક Workshopનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.

  આ Workshop દ્વારા વિદ્યાર્થિનીઓએ બ્રાઇડલ મેકઅપ, હેરકટિંગ, હેર-સ્ટાઈલ, સાડી ક્લીપીંગ, મહેંદી, હોમ મેડ ફેશિયલ, હોમ મેડ બોડી-મસાજ, થ્રેડીંગ તેમજ વિવિધ પ્રકારની Beauty tips વિશે નિષ્ણાંત બ્યુટિશનો દ્વારા માહિતી પ્રાપ્ત કરી.

  Workshopમાં સહભાગી થનાર તમામ બહેનોને સર્ટિફિકેટ આપવામાં આવ્યાં.

★ **Fashion Design Course :**

**કૉ-ઑર્ડિનેટર શ્રી અનારબહેન પરીખ**ના માર્ગદશન હેઠળ વિદ્યાર્થિનીઓએ Multi Media દ્વારા વૈજ્ઞાનિક ઢબે અભ્યાસક્રમ મુજબ તાલીમબદ્ધ શિક્ષણ મેળવ્યું.

- તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ Fashion Fiesta અંતર્ગત વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ડિઝાઈનર કુર્તીઓનું પ્રદર્શન / વેચાણનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રદર્શન / વેચાણનું

ઉદ્‌ઘાટન કરતા શ્રી ઉન્નતિ જાદવાણી (પૂર્વ વિદ્યાર્થિની – ફેશન ડિઝાઈન કૉર્સ; ફેશન ડિઝાઈનર) એ વિદ્યાર્થિનીઓને પોતાના સ્વાનુભવને આધારે જણાવ્યું કે, "અનારબહેનના માર્ગદર્શન હેઠળ જ હું તૈયાર થઈ છું. અહીંનો કોર્સ કરીને મારી કારકિર્દીનું ઘડતર કર્યું છે. આજે મને Fashion Fiesta નું ઉદ્‌ઘાટન કરતા આનંદ અને ગૌરવની લાગણી થાય છે. સખત પરિશ્રમથી હંમેશાં ફળશ્રુતિ મળે જ છે. Where there is a will, there is a way – આપ સૌ ખૂબ પ્રગતિ કરો તેવી શુભેચ્છા પાઠવું છું. આપના કાર્યને બિરદાવું છું. ખૂબ ખૂબ અભિનંદન."

આ પ્રદર્શનને નિહાળનાર તમામ વ્યક્તિઓએ વિદ્યાર્થિનીઓને અભિનંદન આપી, પ્રોત્સાહિત કર્યા હતાં.

- તા. ૫-૬ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમિયાન અમદાવાદમાં Seema Hall (પ્રહલાદનગર રોડ)માં Fashion Fiesta અંતર્ગત વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ડિઝાઈનર વસ્ત્રોનું પ્રદર્શન / વેચાણનું આયોજન કરવામાં આવ્યું. શહેરીજનો દ્વારા તેમાં સારો પ્રતિસાદ મળ્યો. મુલાકાતી શહેરીજનોએ પ્રતિભાવ આપતા જણાવ્યું કે, "રોજગારલક્ષી શિક્ષણ વ્યક્તિની કારકિર્દી ઘડવામાં મદદરૂપ થાય છે. જેની પ્રતિતી આ પ્રદર્શન / વેચાણમાં મુકેલ વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વસ્ત્રો નિહાળતા જોઈ શકાય છે."

**શૈક્ષણિક મુલાકાત :**

શ્રી અનારબહેન પરીખના નેતૃત્ત્વ હેઠળ વિદ્યાર્થિનીઓએ...

- તા. ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદના દાણીલીમડા વિસ્તારના Star Process Houseની શૈક્ષણિક મુલાકાત લીધી. Cloth and its Different Printing Methods અંતર્ગત યોજાયેલ આ શૈક્ષણિક મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ materialના વિવિધ પાસાંઓ dyeing, printing, heating, finishing and readying for the market – વિશે સવિસ્તર માહિતી પ્રાપ્ત કરી.
- તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં ગુજરાત સરકારના નેજા હેઠળ આયોજિત Garvi Gujarat Exhibitionની શૈક્ષણિક મુલાકાત વિદ્યાર્થિનીઓએ લીધી. આ Exhibitionમાં ભારત સરકાર દ્વારા સન્માનિત કલાકારો સહભાગી બન્યા હતાં. તેઓએ પોતાની કલાઓને ડેમોન્સ્ટ્રેશન દ્વારા રજૂ કરી હતી. વિદ્યાર્થિનીઓએ નિષ્ણાંત કલાકારોની કલાને ડેમોન્સ્ટ્રેશન દ્વારા નિહાળી. જેમાં ખાસ કરીને Block Printing, Aariwork, Embroidery, Painting વિશે રસપૂર્વક, ઊંડાણપૂર્વક માહિતી પ્રાપ્ત કરી.

**ડૉક્યુમેન્ટરી :**

તા. ૨૦ માર્ચ, ૨૦૧૪ના રોજ વિદ્યાર્થિનીઓને તેમના વ્યક્તિત્વ ઘડતર, આત્મવિશ્વાસમાં વિકાસ તેમજ કાર્યમાં ચીવટ વધે તે હેતુથી Mind Capabilities નિર્દર્શિત કરતી The Secret નામની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી. ડોક્યુમેન્ટરી નિહાળ્યા બાદ અનારબહેન પરીખે વિદ્યાર્થિનીઓને તેમાં નિર્દેશિત પ્રસંગોને ટાંકીને કારકિર્દીલક્ષી પ્રોત્સાહક માહિતી પ્રદાન કરી.

- ★ **SCOPE (Society for creation of opportunity through proficiency in English) :**

  ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ વિદ્યાર્થીઓના અંગ્રેજી ભાષા પરના મહાવરાને સુદૃઢ બનાવવાના હેતુથી આયોજિત SCOPEની Employment Schemeનો લાભ **૧૭૫** થી વધુ વિદ્યાર્થિનીઓએ લીધો તેમજ પરીક્ષામાં પણ ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કર્યું.

- ★ તા. ૧૪ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ ડૉ. દ્રુમનબહેન દીવાનજીની સ્મૃતિમાં **'શબ્દની સવારે... કાવ્ય કલરવ'** અંતર્ગત કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી જલન માતરી, શ્રી રક્ષા શુક્લ, શ્રી હરદ્વાર ગોસ્વામી તથા શ્રી આલાપ તન્નાએ પોતાની રચનાઓ રજૂ કરી, શ્રોતાજનોને કાવ્યના કલવરની અનુભૂતિ કરાવી. આ કાર્યક્રમનું સંચાલન શ્રી હરદ્વાર ગોસ્વામીએ કર્યું.

  **વિશેષ :** તરુણાવસ્થા ધરાવતા શ્રી આલાપ તન્ના (૧૬ વર્ષ)એ સૌ પ્રથમ વખત કવિ સંમેલનના મંચ પરથી પોતાની રચનાઓને રજૂ કરી. વાસ્તવિક અને હૃદયસ્પર્શી પ્રત્યેક રચનાની રજૂઆત સમયે નવોદિત કવિ આલાપે શ્રોતાજનોના 'દુબારા', 'દુબારા'ના નારા વચ્ચે ઘણી દાદ મેળવી.

- ★ અન્ય કોઈ સ્રોતમાંથી આર્થિક રાહત ન મળતી હોય એવી જરૂરિયાતમંદ, આર્થિક સહયોગ ઇચ્છતી વિદ્યાર્થિનીઓને 'માનવકલ્યાણ ટ્રસ્ટ'ના સહયોગ દ્વારા આર્થિક સહાય આપવાનું આયોજન થયું, જેનાથી ઘણી વિદ્યાર્થિનીઓને સહાય મળી.

- ★ તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ વિદ્યાર્થિનીઓ માટે મેડિકલ ચેક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદની ઓઢવ સ્થિત ધ્વનિ જનરલ હૉસ્પિટલના ડૉ. વસંત પટેલ તથા મદદનીશ બહેનો – જીગીશા પંચાલ અને સ્વાતિ પટેલ દ્વારા વિદ્યાર્થિનીઓની તબીબી તપાસ કરવામાં આવી.

- ★ તા. ૧૭-૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમિયાન કૉલેજ કૅમ્પસમાં અમદાવાદ સ્થિત Vasan Eye Care Hospital દ્વારા વિના મૂલ્યે Checkup Campનું આયોજન કરવામાં આવ્યું. શ્રી મોહન આહિર (એક્ઝિક્યુટીવ માર્કેટીંગ) તથા મદદનીશો – શ્રી પ્રતીશ છત્રપતિ અને શ્રી રાજુ ગોહેલના સહકારથી યોજાયેલ આ Campનો લાભ કૉલેજના શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થિનીઓએ લીધો.

- ★ તા. ૩-૫ એપ્રિલ, ૨૦૧૪ દરમિયાન અમદાવાદ સ્થિત Smt. N.H.L. Municipal Medical Collegeના Department of Community Medicineના M.B.B.S.ના વિદ્યાર્થીઓ દ્વારા Problem Solving for Better Health (PSBH)ના નેજા હેઠળ Medical Checkupનું આયોજન કરવામાં આવ્યું. Shri Soham Shah, Shri Sefali Solanki, Shri Pankti Shah તથા Shri Kishan Saiyedની team દ્વારા આયોજિત Medical Checkupનો લાભ બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ લીધો.

- ★ 'ફોરમ'ના નેજા હેઠળ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વિભાગના સંયુક્ત સહકારથી વિદ્યાર્થિનીઓ દ્વારા સંસ્થાના બોર્ડ પર સુવિચાર લેખનની પ્રવૃત્તિનું આયોજન પ્રતિ વર્ષની જેમ થયું.

★ તા. ૨ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ કૉલેજના પ્રતિ વર્ષની જેમ પ્રકાશિત **આરસી** (A Mirror of this College) મેગેઝિન : શૈક્ષણિક વર્ષ : ૨૦૧૨-૨૦૧૩, અંક-૮ : કૉલેજની વાર્ષિક પ્રવૃત્તિઓની ઝલક, અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓ દ્વારા લિખિત લેખ / કૃતિઓ, યુવાશક્તિ વર્ષ-૨૦૧૩ સંબંધિત માહિતી તથા કૉલેજની વિકાસગાથાને દર્શાવતી માહિતીથી સભર – મેગેઝિનના વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી ભવેન કચ્છી (જાણીતા પત્રકાર, કટાર લેખક) ઉપસ્થિત રહ્યા હતાં. 'આરસી'નું વિમોચન કરી તેમણે જણાવ્યું કે, "નવ દાયકા વટાવી ચૂકેલી કૉલેજ સાંપ્રત સમયને અનુલક્ષીને શિક્ષણ તેમજ શિક્ષણસંલગ્ન પ્રવૃત્તિઓ કરે છે તેની ઝાંખી 'આરસી' મેગેઝિનમાં જોવા મળે છે. મહિલા સશક્તિકરણના કાર્યને વેગ આપવાના હેતુથી સ્થાપિત આ કૉલેજ સમયોચિત બાબતને લક્ષમાં રાખી, પ્રતિ વર્ષ માહિતીપ્રદ મેગેઝિન પ્રકાશિત કરે છે, જે આવનાર પેઢીને ખૂબ ઉપયોગી થશે તેની મને ખાતરી છે. પ્રિ. ડૉ. સિરાલી મહેતા તથા સંપાદક મંડળ તેમજ સમગ્ર એસ.એલ.યુ. પરિવારને હાર્દિક અભિનંદન પાઠવું છું."

★ તા. ૨૩ જુલાઈ, ૨૦૧૩ના રોજ Heritage Global Local Interaction અંતર્ગત Dr. Purnima Mehta Bhatt (Historian, Hood College, Maryland, USA)નું વ્યાખ્યાન યોજવામાં આવ્યું. એસ.એલ.યુ. કૉલેજના આદ્યસ્થાપક શ્રી શારદાબહેન મહેતાના પૌત્રી હોવાને નાતે તેમણે પોતાના વક્તવ્યમાં એસ.એલ.યુ. તથા શારદાબહેન વચ્ચેના અભિન્ન સંબંધને ઐતિહાસિક તવારીખથી સાંકળીને વિવિધ Slides દ્વારા માહિતીપ્રદ વિગતો જણાવી. શ્રી શારદા મહેતા લિખિત 'જીવન સંભારણા' પુસ્તકનો ઉલ્લેખ કરી, વૈશ્વિક કક્ષાએ આ પુસ્તકનો વિશાળ વાચકવર્ગ મળી રહે તે હેતુથી તેનો પોતે અંગ્રેજી અનુવાદ કરી પ્રકાશિત કરેલ REMINISCENCES - The memoirs of Shardabehn Mehta, પુસ્તક પ્રિ. ડૉ. સિરાલી મહેતાને સપ્રેમ ભેટ આપ્યું. પ્રશ્નોત્તરી માટે મંચ ખુલ્લો મૂકાયો. અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓએ વૈચારિક આદાન-પ્રદાન કરી, વિશેષ માહિતી પ્રાપ્ત કરી.

★ તા. ૮ ઑગસ્ટ, ૨૦૧૩ના AMC (Ahmedabad Municipal Corporation)ના નેજા હેઠળ આયુષ ફાઉન્ડેશનના સહયોગ દ્વારા 'ઘનકચરા નિકાલ' વિષયક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. શ્રી કુલદીપસિંહ રાઠોડ તથા શ્રી અંજલિ લકુમ (કો-ઓર્ડિનેટર – આયુષ ફાઉન્ડેશન)એ ઘનકચરા સંબંધિત Slides દર્શાવી વિદ્યાર્થિનીઓને સ્વચ્છ વાતાવરણ માટે સ્વ-થી સમાજ જાગૃતિ લાવી, ઘનકચરા નિકાલની હિમાયત કરવા આહ્‌વાહન કર્યું.

★ તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સામુહિક પીકનીકનું આયોજન 'પોળોના જંગલો'માં કરવામાં આવ્યું. સહભાગી થનાર તમામે હરણી ડેમ, ૧૫મી સદીના જિનાલય વગેરેની મુલાકાત લીધી તેમજ પોળોના જંગલોની કુદરતી રચનાઓને નિહાળી.

★ તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ બ્રહ્માકુમારી મહિલા વિભાગના નેજા હેઠળ અખિલ ભારતીય નારી સુરક્ષા જાગૃતિ અભિયાન અંતર્ગત 'મૂલ્યનિષ્ઠ શિક્ષણ' કાર્યક્રમનું આયોજન થયું. જેમાં વિદ્યાર્થિનીઓને 'કઠપૂતળી શો' દ્વારા તેમજ બ્રહ્માકુમારી બહેનોના વક્તવ્ય દ્વારા સાંપ્રત સમાજમાં સુરક્ષાવિષયક જાણકારી આપવામાં આવી.

★ તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ લોકસભા ચૂંટણી-૨૦૧૪ના અનુસંધાનમાં વિદ્યાર્થિનીઓમાં ચૂંટણી સંબંધિત – મતાધિકાર, મતદાન – ગુપ્ત મતદાન વગેરે – બાબતોની જાણકારી અને જાગૃતિ લાવવાના હેતુથી કૈવલ્ય એજ્યુકેશન ફાઉન્ડેશનના નેજા હેઠળ 'યુવાનોમાં ચૂંટણી જાગૃતિ' વિષયક વ્યાખ્યાન યોજવામાં આવ્યું.

શ્રી ગૌતમ પંડ્યા (ગાંધીફેલો, કૈવલ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ)એ વિદ્યાર્થિનીઓને જણાવ્યું કે, "ભારત વિશાળ યુવાધન ધરાવે છે. ભારતીય બંધારણે ભારતીય નાગરિકોને મતાધિકારનો અધિકાર આપ્યો છે. આપણે સૌ ભારતીય નાગરિકત્વ ધરાવીએ છીએ. સાથોસાથ શિક્ષિત-યુવાવર્ગની કક્ષામાં પણ સ્થાન ધરાવીએ છીએ. આથી જ આપણે પોતે તથા આપણી આસપાસ મતદાનને યોગ્ય વયજૂથ ધરાવતા નાગરિકોને જાગૃત કરી, દેશના વિકાસમાં ફાળો આપવા કટિબદ્ધ બનીએ."

★ તા. ૧૭ માર્ચ, ૨૦૧૪ના રોજ પ્રા. સ્મિતા દવેની નિશ્રામાં Hindustan Unilever Limited, Mumbaiના નેજા હેઠળ Beauty, Grooming and Confidence વિષયક Beauty Classનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થિનીઓએ વિષયોચિત માહિતી પ્રાપ્ત કરી.

★ તા. ૧૪ માર્ચ, ૨૦૧૪ના રોજ એસ.એલ.યુ. કૉલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના સંયુક્ત સહયોગથી સ્થાપિત એસ.એલ.યુ. ક્રેડિટ સોસાયટીના નેજા હેઠળ પાટણ સ્થિત રાણકીવાવ (વર્લ્ડ હેરિટેજ – વિશ્વવારસા માટે નોમિનેટ થયેલ) તેમજ સૂર્યમંદિર – મોઢેરા ખાતે પીકનીકનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રિ. ડૉ. સિરાલી મહેતા, અધ્યાપક મિત્રો તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ સહભાગી થયાં.

**નોંધ :** ૧૯૪૫માં સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો-UNOUnited Nations Organization) ની સ્થાપના થઈ. પછીના વર્ષે શિક્ષણ, વિજ્ઞાન અને સંસ્કૃતિ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સહકાર વિકસાવવાની ઉમદા ભાવનાથી તેની પેટા સંસ્થા UNESCO (યુનેસ્કો–United Nations, Educational, Scientific and Cultural Organization) શરૂ થઈ. 1972થી યુનેસ્કો દ્વારા World Heritage Sitesની નોંધણી ચાલે છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના સાંસ્કૃતિક વારસાના જતન માટે વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ તૈયાર કરવામાં આવી. યુનેસ્કોના નેજા હેઠળ ચાલતી આ સાઇટ્સમાં દુનિયાના જે તે સ્થળ કે જે માનવસર્જિત શિલ્પ-સ્થાપત્યના નમૂના કે પ્રાકૃતિક સ્થળો હોય તેને સ્થાન મળે તો દેશ-વિદેશમાં તેની પ્રસિધ્ધી વધે છે. પ્રવાસીઓની સંખ્યામાં વધારો થાય છે તેમજ એ સ્થળનાં સંરક્ષણ માટે યુનેસ્કો દ્વારા નિયમિત ફંડ પૂરું પાડવામાં આવે છે.

★ તા. ૨૦, જુલાઈ, ૨૦૧૩ના રોજ પ્રા. રૂપલ દેસાઈની નિશ્રામાં 'રંગોળી'નું ડેમોન્સ્ટ્રેશન યોજવામાં આવ્યું. જેનો લાભ આર્ટ્સ, કોમર્સ તથા હોમસાયન્સની વિદ્યાર્થિનીઓએ લીધો.

શ્રી દર્શના રાણપરા (પૂર્વ વિદ્યાર્થિની, રંગોળી નિષ્ણાંત)ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ વિવિધ રંગોળી નિહાળી, પ્રેક્ટિસ પણ કરી.

★ તા. ૨૯ જુલાઈ, ૨૦૧૩ના રોજ પ્રા. સ્મિતા દવેની નિશ્રામાં વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમને અનુલક્ષીને આપત્તિ વ્યવસ્થાપન (Disaster Management) વિષયક વ્યાખ્યાન યોજવામાં આવ્યું. મુખ્ય વક્તા શ્રી મહેશ ત્રિવેદી (Hon. Advisor, Indian Red Cross Society Ahmedabad District Branch)એ વિષયોચિત વિવિધ Slides દ્વારા વિદ્યાર્થિનીઓને કુદરતી આપત્તિ સમયે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવી, આફતને અવસરમાં કઈ રીતે બદલી શકાય તેની માહિતી આપી.

★ તા. ૩૦ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ પ્રા. સ્મિતા દવેની નિશ્રામાં વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમને અનુલક્ષીને આપત્તિ વ્યવસ્થાપન (Disaster Management) વિષયક વ્યાખ્યાન યોજવામાં આવ્યું. મુખ્ય વક્તા શ્રી નરેશભાઈ ગોહિલ (સામાજિક કાર્યકર)એ પોતાના વક્તવ્યમાં આપત્તિ વ્યવસ્થાપનની સાંપ્રત સમયમાં આવશ્યકતા પર ભાર મૂકી માહિતીસભર વ્યાખ્યાન આપ્યું.

☞ **વિદ્યાર્થિનીઓની પ્રવૃત્તિઓ :**

● **સપ્તધારા :**

સમગ્ર વર્ષ દરમિયાન સપ્તધારા પ્રવૃત્તિઓના આયોજનમાં **પ્રા. નરવતસિંહ ડામોર (કન્વીનર)** અને **ડૉ. વર્ષા પ્રજાપતિ (કૉ. કન્વીનર)** તથા કૉલેજની સાંસ્કૃતિક પ્રવૃત્તિના આયોજનમાં **પ્રા. ભરત પટેલ (કન્વીનર), ડૉ. જૂઈ શાહ (કૉ. કન્વીનર)** તથા **ડૉ. દર્શના અંજારિયાએ (સહાયક)** તરીકે કામગીરી કરી.

ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત સરકારના નિયમાનુસાર વિદ્યાર્થિનીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવા 'સપ્તધારા-સંગમ'ના નેજા હેઠળ વિવિધ બૌદ્ધિક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓએ વ્યક્તિગત સિદ્ધિ હાંસલ કરી, ઈનામો મેળવ્યાં. જેમાં...

➠ **વક્તૃત્ત્વ સ્પર્ધા :**

**પ્રથમ** : આયેશા શીલાવત (B.Com. SEM-III)

**દ્વિતીય** : **તન્ઝીમ શેખ** (B.Com. SEM-I)

**તૃતીય** : **શોભા પ્રજાપતિ** (B.Com SEM-I)

➠ **શીઘ્ર વક્તૃત્ત્વ સ્પર્ધા :**

**પ્રથમ** : **અનામિકા દવે** (B.Com. SEM-I)

**દ્વિતીય** : **સ્નેહા દુર્ગ** (B.Com. SEM-V)

**તૃતીય** : **કિર્તી જડિયા** (BA SEM-V)

➡ **ચર્ચા :**

પ્રથમ : કિંજલ દેસાઈ (B.A. SEM-III)

દ્વિતીય : દર્શિની લેઉઆ (B.Com SEM-III)

તૃતીય : મોહિની પંચાસરા (B.A. SEM-III)

➡ **ક્વિઝ :**

પ્રથમ વિજેતા ટીમ : લુબના ઘાંચી (B.Com SEM-III)
સોફિયાબાનુ સૈયદ (B.Com. SEM-V)
કૌસરબાનુ અન્સારી (B.A. SEM-III)

➡ **પાદપૂર્તિ સ્પર્ધા :**

પ્રથમ : હેમલત્તા સોનારા (B.A., SEM-III)

➡ **કાવ્યપઠન સ્પર્ધા :**

પ્રથમ : કૌસરબાનુ અન્સારી (B.A., SEM-III)

દ્વિતીય : રૂપા કે. ગઢવી (B.A., SEM-III)

તૃતીય : હેમલત્તા સોનારા (B.A., SEM-III)

➡ **નિબંધ સ્પર્ધા :**

પ્રથમ : હેમલત્તા સોનારા (B.A. SEM-III)

દ્વિતીય : મિત્તલ રબારી (B.A. SEM-III)

તૃતીય : નિધિ પરમાર (B.A. SEM-III)

➡ **મહેંદી સ્પર્ધા :**

પ્રથમ : ફરહિન મલેક (B.Com. SEM-V)

દ્વિતીય : મન્તસા મન્સૂરી (B.A. SEM-V)
આયેશા પઠાણ (B.Com SEM-I)

તૃતીય : હુમાપરવિન શેખ (B.Com. SEM-III)
અનિશા ઘાંચી (B.Com. SEM-I)

આશ્વાસન: તન્ઝીમ પટેલવ્હોરા (B.A. SEM-III)

- **રંગોળી સ્પર્ધા :**

પ્રથમ : દિપલ બગડા (B.A. SEM-V)
દ્વિતીય : સ્નેહા ઘુગે (B.Com. SEM-V)
તૃતીય : આરઝુ પઠાણ (B.A. SEM-I)
આશ્વાસનઃ ખુશ્બુ રાણા (B.A. SEM-III)

- **ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધા :**

પ્રથમ : કિર્તી જડિયા (B.A., SEM-V)
દ્વિતીય : રીના મહેતા (B.A., SEM-V)
તૃતીય : ખુશ્બુ રાણા (B.A., SEM-III)
આશ્વાસનઃ તન્ઝીમ પટેલવ્હોરા (B.A. SEM-III)

- **કાર્ટુનિંગ સ્પર્ધા :**

પ્રથમ : તન્ઝીમ પટેલવ્હોરા (B.A. SEM-III)
દ્વિતીય : ખુશ્બુ રાણા (B.A. SEM-III)
તૃતીય : રીના મહેતા (B.A., SEM-V)

- **કૉલાજ સ્પર્ધા :**

પ્રથમ : કિર્તી જડિયા (B.A. SEM-V)
દ્વિતીય : રીના મહેતા (B.A. SEM-V)

- **પોસ્ટર મેકિંગ સ્પર્ધા :**

પ્રથમ : માનસી પટેલ (B.A., SEM-III)
દ્વિતીય : રીના મહેતા (B.A., SEM-V)
તૃતીય : દીપલ બગડા (B.A., SEM-III)
આશ્વાસનઃ ખુશ્બુ રાણા (B.A., SEM-III)

- **સુગમ સંગીત સ્પર્ધા :**

પ્રથમ : સોફિયા મલેક (B.A. SEM-I)
અનામિકા દવે (B.Com. SEM-I)
તૃતીય : મોહિની પંચાસરા (B.A., SEM-III)

➡ **મિમિક્રી :**

**પ્રથમ** : **દર્શિની લેઉઆ** (B.Com., SEM-III)

**દ્વિતીય** : **ચિત્રા બ્રહ્મઋષિ** (B.Com., SEM-I)

**તૃતીય** : **અનામિકા દવે** (B.Com., SEM-I)

- વર્ષ ૨૦૧૩-૨૦૧૪ દરમિયાન **કિર્તી જડિયા (B.A., SEM-VI)**ને ઉત્કૃષ્ટ દેખાવ માટે **ભાગીરથી કલા-કૌશલ ટ્રોફી એનાયત** કરવામાં આવી.

➡ **નવરાત્રિ મહોત્સવ :**

તા. ૭ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ નવરાત્રિ મહોત્સવના ભાગરૂપે ડૉ. સુષ્મા વોરા શેરી-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવતા કૉલેજનું મેદાન પરંપરાગત પરિધાનોથી નવરાત્રિમય બની રહ્યું.

**શ્રેષ્ઠ પરિધાન :**

**પ્રથમ** : **કિર્તી જડિયા** (B.A., SEM-V)

**દ્વિતીય** : **જહાન્વી શુક્લ** (B.Com., SEM-I)

**તૃતીય** : **ફોરમ આદેસરા** (B.A., SEM-I)

**શ્રેષ્ઠ અભિવ્યક્તિ :**

**પ્રથમ** : **ફોરમ આદેસરા** (B.A., SEM-I)

**દ્વિતીય** : **દિક્ષા સોલંકી** (B.A., SEM-III)

**તૃતીય** : **અંકિતા ગોહિલ** (B.A., SEM-III)

**માઈકમાં ગરબો ગવડાવનાર :**

**પ્રથમ** : **અનામિકા દવે** (B.Com., SEM-I)

**દ્વિતીય** : **કોમલ જોષી** (B.Com., SEM-V)

**ફોરમ આદેસરાએ શ્રેષ્ઠ અભિવ્યક્તિ દ્વારા ડૉ. સુષ્મા વોરા ટ્રોફી પ્રાપ્ત કરી.**

**વિશેષ પુરસ્કાર :**

- **પ્રા. હિના પટેલ** (શૈક્ષણિક સ્ટાફ)
- **ડૉ. દર્શના અંજારિયા** (શૈક્ષણિક સ્ટાફ)
- **શ્રી માયા સોની** (બિન-શૈક્ષણિક સ્ટાફ)

- **આંતર કૉલેજ / આંતર વિભાગ / રાજ્યકક્ષા / રાષ્ટ્રીય કક્ષાએ...**

- તા. ૧૧-૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમિયાન GLS (Smt. M. R. Parikh) Institute of Commerce Collegeના યજમાનપદે આયોજિત Rang Bahar Inter-Collegiate Creative Art Competition અંતર્ગત...
  - ઑન ધ સ્પોટ પેઇન્ટિંગ સ્પર્ધામાં રીના મહેતા (B.A., SEM-V)એ ભાગ લીધો.
  - પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ખુશ્બુ રાણા (B.A., SEM-III)એ ભાગ લીધો.
  - કાર્ટુનિંગ સ્પર્ધામાં તન્ઝીમ પટેલવ્હોરા (B.A., SEM-III)એ ભાગ લીધો.
  - કૉલાજ સ્પર્ધામાં કિર્તી જડિયા (B.A., SEM-V)એ ભાગ લીધો.
- તા. ૨૩-૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમિયાન વિહાન-૨૦૧૩ અંતર્ગત શ્રી નારાયણ કૉલેજ ઑફ કોમર્સના યજમાનપદે આયોજિત ગુજરાત યુનિવર્સિટી, એલિસબ્રીજ દક્ષિણ વિભાગના યુવક મહોત્સવની વિવિધ સ્પર્ધાઓ પૈકી **કાર્ટુનિંગ સ્પર્ધામાં તન્ઝીમ પટેલવ્હોરાએ ત્રણ શ્રેષ્ઠ સ્પર્ધકોમાં સ્થાન** પ્રાપ્ત કર્યું.
- વિદ્યાર્થિનીઓની લાગણીને માન આપી, શિસ્ત તથા રાષ્ટ્રીય ગૌરવને કેન્દ્રમાં રાખી વિવિધ Days ઉજવાયાં. જેમ કે,

| **Day** | **ડ્રેસિંગ** | **ત્રીજા પિરિયડ પછી કરવાની પ્રવૃત્તિ** |
|---|---|---|
| Leadership Day | લાલ, કેસરી અથવા ગુલાબી વસ્ત્રો પરિધાન | નેતૃત્ત્વ શક્તિ દર્શાવતી પ્રવૃત્તિઓ |
| Friendship Day | ગ્રુપમાં એકસરખા વસ્ત્રો પરિધાન | મિત્રતા સંબંધિત પ્રવૃત્તિઓ તથા ચોકલેટનું આદાન-પ્રદાન |
| Environment Day | લીલા-પીળા વસ્ત્રો પરિધાન | પર્યાવરણ જાગૃતિવિષયક પ્રવૃત્તિઓ |
| Mismatch Day | પંચરંગી વસ્ત્રો પરિધાન | ગૌરવપ્રદ રમુજી પ્રવૃત્તિઓ |
| Traditional Day | સાડી પરિધાન | ભારતીય સંસ્કૃતિને ઓપતી પ્રવૃત્તિઓ |

- તા. ૨૪ માર્ચ, ૨૦૧૩ના રોજ અભિવ્યક્તિ-૨૦૧૪ અંતર્ગત વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓના સંયુક્ત ઉપક્રમે Annual Day યોજાયો. જેમાં વિદ્યાર્થિનીઓએ Solo Dance, Group Dance તેમજ ફેશન શો વગેરે રજૂ કર્યાં.

  આજ રોજ જ વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી જયશ્રીબહેન પટેલ (ઉપપ્રમુખશ્રી, ગુ.સ્ત્રી.કે. મંડળ),ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રીશ્રી, ગુ.સ્ત્રી.કે.મંડળ) Shri Maniti

Bakshi તથા Shri Ragini Govadiya (Educators, Eklavya Education Foundation, Ahmedabad) ઉપસ્થિત રહ્યાં.

મહેમાનો, આચાર્યશ્રી તેમજ અધ્યાપકોના શુભહસ્તે શૈક્ષણિક, સાંસ્કૃતિક, એન.સી.સી., રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને મેડલ, ટ્રોફી તથા ઈનામ આપી, સન્માનવામાં આવી.

વિશેષમાં Eklavya Education Foundaton દ્વારા Eklavya Scholorships of Excellence અંતર્ગત કૉલેજમાં First Year Arts તથા Commerceમાં Englishમાં Highest Marks મેળવનાર વિદ્યાર્થિનીઓને – Kausarbanu Moh. Anis Ansari (Arts) તથા Khadija Kazarbhai Tinwala (Commrce) Cheques, Medals and Certificate એનાયત કરવામાં આવ્યાં. સાથે તેમના Parentsને શ્રીફળ તથા ચાંદીના સિક્કા આપી સન્માનવામાં આવ્યાં.

**શુભેચ્છા :**

કૉલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરનાર Arts તેમજ કોમર્સની તમામ વિદ્યાર્થિનીઓને પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, "કૉલેજ જીવનના સુવર્ણકાળ દરમિયાન તમારી સુષુપ્ત શક્તિઓને ખીલવવા આપણે જે સહિયારો પ્રયત્ન કર્યો છે તેનો મને આનંદ છે. ઘડતર વિકાસના આ પ્રયત્નો આપના ભવિષ્યને ઉજ્જવળ બનાવવામાં ચોક્કસ ઉપયોગી થશે તેની મને ખાતરી છે. સમગ્ર એસ.એલ.યુ. પરિવાર વતીથી આપ સૌને પરીક્ષામાં ઉજ્જવળ સિદ્ધિ પ્રાપ્ત થાઓ તેમજ નિજી જીવનમાં હંમેશાં ખુશ રહો તેવી શુભેચ્છા પાઠવું છું."

- તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત ઉમિયા આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ ફોર ગર્લ્સના યજમાનપદે આયોજિત Intercollege Poetry Recitation Competitionમાં હેમલત્તા સોનારા (B.A. SEM-IV) તથા કૌસર અન્સારી (B.A. SEM-IV)એ ભાગ લીધો.
- તા. ૨૪ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ અખિલ હિંદ મહિલા પરિષદ, અમદાવાદ શાખા દ્વારા શ્રીમતિ સુલોચનાબહેન પાઠકના સ્મરણાર્થે આયોજિત સુગમ-સંગીત સ્પર્ધામાં **અનામિકા દવે** (B.Com. SEM-I) ૧૯-૩૫ના વયજૂથની સુગમ સંગીત સ્પર્ધામાં **તૃતીય સ્થાને** વિજેતા બની.

## ● વિભાગીય પ્રવૃત્તિ :

વર્ષ દરમિયાન પ્રત્યેક વિભાગમાં તેમજ વિભાગીય અધ્યાપકો દ્વારા વ્યક્તિગત રીતે અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ તેમજ આંતરવિભાગીય પ્રવૃત્તિઓનું પણ આયોજન થયું. જેની વિગત આંતરવિભાગીય વિભાગમાં તેમજ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં દષ્ટિગોચર થાય છે.

### ★ કોમર્સ વિભાગ :

- તા. ૨૩ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ SEM I, III તથા Vની વિદ્યાર્થિનીઓ માટે Accounting Systems in India and Abroad વિષયક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિસંવાદના મુખ્ય

વક્તા Shri Vijay Acharya (Owner of Chartered Accountant Firm at Heathrow, U.K.)એ વિષયોચિત વક્તવ્ય આપ્યું. વ્યાખ્યાન બાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોત્તરી દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

- તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ અમદાવાદ સ્થિત C. U. Shah City Commerce College દ્વારા આયોજિત Commerce Idol ના નેજા હેઠળ State Level Competitionનું આયોજન થયું. જેમાં SEM-Vની વિદ્યાર્થિનીઓ – ગુલરીઝ સૈયદ, ઝરીના વાઘમાસી તથા નસરીન શેખ – એ ભાગ લીધો.
- તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓ માટે BSE Institute Ltd.ના નેજા હેઠળ India Global Financial Markets Professional Programme અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

  BSE Institute ના Faculty Members દ્વારા વિદ્યાર્થિનીઓને રોકાણ સંબંધિત માર્ગદર્શન આપવામાં આવ્યું. વિદ્યાર્થિનીઓએ ભારત અને વિશ્વ : રોકાણની તકો સંબંધિત પ્રશ્નોત્તરી દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

**☞ પ્રા. ભરત પટેલ :**

- તા. ૧૪-૧૫ એપ્રિલ, ૨૦૧૪ દરમિયાન ગાંધીધામમાં International Research Institute of Relative Economicsના નેજા હેઠળ આયોજિત Acharya Mahapragyas Theory of Relative Economics and Corporate Social Responsibility : Translating Theory into Action વિષયક National Conferenceમાં Corporate Social Responsibility વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ અમદાવાદ સ્થિત એમ.પી.આર્ટ્સ ઍન્ડ એમ.એચ.કોમર્સ કૉલેજ ફોર વિમેન દ્વારા આયોજિત તથા UGC દ્વારા પ્રાયોજિત Financial Reporting and Practices and Personal & Corporate Tax Planning વિષયક National Conferenceમાં સહભાગી થયાં.
- તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ અમદાવાદમાં Gujarat University Area Accountancy Teachers Association તથા C.U.Shah Commerce Collegeના સંયુક્ત ઉપક્રમે આયોજિત Important Provisions of Companies Act 2013 & Significant aspects of project preparation વિષયક National Seminarમાં સહભાગી થયાં.
- તા. ૧૭-૧૮ ઑક્ટોબર, ૨૦૧૩ દરમિયાન આબુ (રાજસ્થાન)માં International Society for Applied Commerce Ahmedabad Wing દ્વારા આયોજિત Global Contemporary Issues Innovations & Future Challenges in Business, Management & Applied Commerce વિષયક International Conferenceમાં Business Process Outsourcing Global Scenario વિશે પેપર રજૂ કર્યું.

- તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત ગુજરાત કોમર્સ કૉલેજ દ્વારા આયોજિત Current Issues & Future Challenges in Business વિષયક State Level Seminarમાં Role of co-operative Sector in Rural Marketing વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૬ માર્ચ, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં Asian Productivity Organization and Japan Productivity Centre Tokyo, Japan ના નેજા હેઠળ આયોજિત અને Department of Industrial Policy & Promotion, Ministry of Commerce & Industry, Government of India દ્વારા પ્રાયોજિત Material Flow Cost Accountancy વિષયક programmeમાં સહભાગી થયાં.

## ★ અર્થશાસ્ત્ર વિભાગ :

**શૈક્ષણિક મુલાકાત :**

તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ ડૉ. એમ. એમ. કોઠારિયાના નેતૃત્ત્વ હેઠળ B.A. SEM-I, III, Vની વિદ્યાર્થિનીઓએ અમદાવાદ સ્થિત 'ગાંધી આશ્રમ'ની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ ગાંધીજીનું જીવન અને આર્થિક વિચારો વિશે સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

### ☞ પ્રિ. ડૉ. સિરાલી મહેતા :

- તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત S. M. Patel Institute of Commerce દ્વારા આયોજિત Intercollege Competition માં નિર્ણાયક તરીકે કામગીરી કરી.
- તા. ૨૯ માર્ચ, ૨૦૧૪ના રોજ ADINET અને ગુજરાત વિદ્યાસભાના સંયુક્ત ઉપક્રમે આયોજિત Role of Librarians in Education વિષયક રાજ્યકક્ષાના સેમિનારમાં Librarians Role in Education વિશે માહિતીસભર વક્તવ્ય આપ્યું.
- તા. ૫ મે, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત કચ્છી જૈન સમાજ દ્વારા આયોજિત Career Counselling વિષયક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને વિષયોચિત માહિતીપ્રદ વક્તવ્ય આપ્યું.
- ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કામગીરી...
  - વિવિધ પરીક્ષાઓ સંબંધિત હોદ્દેદાર તરીકે
  - ગુજરાત યુનિવર્સિટીની વિવિધ સ્થાનિક તપાસ સમિતિના સભ્ય તરીકે
  - ગુજરાત યુનિવર્સિટી અર્થશાસ્ત્ર-અભ્યાસ સમિતિના સભ્ય તરીકે
  - ગુજરાત યુનિવર્સિટી આંતરવિભાગીય યુવક મહોત્સવના આયોજન સમિતિના સભ્ય તરીકે

### ☞ ડૉ. એમ. એમ. કોઠારિયા :

તા. ૧૪-૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમ્યાન ભરૂચમાં ગુજરાત અર્થશાસ્ત્ર મંડળના નેજા હેઠળ એમ.કે.કોમર્સ કૉલેજ દ્વારા આયોજિત 'પાણીના સ્રોતો અને સંચાલન તેમજ જાહેર ખર્ચ' વિષયક State Level Conferenceમાં સહભાગી થયાં.

## ★ હોમસાયન્સ વિભાગ :

આ વિભાગ દ્વારા તમામ પ્રવૃત્તિઓ **ભૂતપૂર્વ અધ્યક્ષા સ્વ.શ્રી ગીતાબહેન દીક્ષિતની સ્મૃતિમાં** કરવામાં આવે છે.

**Workshop :**

- તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ ડૉ. જૂઈ શાહની નિશ્રામાં ભારત સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય તથા ખાદ્ય અને પોષણ બોર્ડના નેજા હેઠળ હોમસાયન્સ વિભાગ દ્વારા 'પૌષ્ટિક આહાર' વિષયક રાજ્યકક્ષાના workshopનું આયોજન કરવામાં આવ્યું.

આ workshopમાં ગુજરાત રાજ્યના તમામ સીડીપીઓ તથા A.W.T.C. (આરોગ્ય કક્ષાના સેન્ટર)ના સભ્યો, આંગણવાડીમાં કામ કરતા બહેનો તથા હોમસાયન્સની વિદ્યાર્થિનીઓ બહોળી સંખ્યામાં સહભાગી થયાં

સમગ્ર કાર્યક્રમના આયોજનમાં પ્રિ. ડૉ. સિરાલી મહેતા, ડૉ. જૂઈ શાહ (કૉ-ઓર્ડિનેટર), શ્રી દશરથ પંડ્યા (ડેમોન્સ્ટ્રેશન ઑફિસર), શ્રી કેતન ગોસ્વામી (O.S.), શ્રી હરિશ ડુંગરિયાળ (લેબ. આસીસ્ટંટ)એ સક્રિય ભૂમિકા ભજવી.

આ workshopમાં વિષય નિષ્ણાતોએ વિષયોચિત વક્તવ્યો આપ્યાં. જેમાં...

- ડૉ. એચ. કે. રાઠોડે (નોડલ ઑફિસર, સ્ટેટ ન્યૂટ્રીશનલ સેલ)... ગુજરાતનું હાલનું પોષણ સ્તર અને ગુજરાત સરકારના હાલના કાર્યક્રમો
- ડૉ. અલ્પા સોલંકીએ આયોડિનની શરીર ઉપર અસર
- ડૉ. જૂઈ શાહે... 'સગર્ભા અને 'સ્તનપાન કરાવતી માતા માટે આહારનું આયોજન' વિશે માહિતીપ્રદ વક્તવ્યો આપ્યાં.

પ્રત્યેક વક્તવ્યોના અંતે સહભાગીદારીઓએ પ્રશ્નોત્તરી દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

**સેમિનાર :**

- તા. ૩ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ વિશ્વ સ્તનપાન દિન નિમિત્તે કો-ઓર્ડિનેટર ડૉ. જૂઈ શાહની નિશ્રામાં ભારત સરકારના મહિલા તથા બાળવિકાસ મંત્રાલય, ખાદ્ય અને પોષક આહાર બોર્ડ – સામુદાયિક ખાદ્ય એવં પોષાહાર વિસ્તાર – ઈકાઈ, અમદાવાદના નેજા હેઠળ 'સ્તનપાનની મહત્તા' વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

આ સેમિનારમાં હોમસાયન્સની SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓ સહભાગી બની. વિષયોચિત નિષ્ણાંતોએ માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યાં. શ્રી દશરથભાઈ પંડ્યા (ડેમોન્સ્ટ્રેશન ઑફિસર) તથા તેમના સ્ટાફમિત્રો સાથે પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓએ સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

કાર્યક્રમના બીજા ભાગમાં 'સ્તનપાન મેં સહયોગ, લાયે માતા કો નજદીક'ના સૂત્ર હેઠળ ક્વીઝ સ્પર્ધા યોજાઈ. જેમાં... **તન્ઝીમ પટેલવોરા** તથા **દિપલ પટેલ** અનુક્રમે **પ્રથમ** અને **દ્વિતીય સ્થાને વિજેતા** બન્યાં. વિજેતા વિદ્યાર્થિનીઓને ખાદ્ય અને પોષક આહાર બોર્ડ દ્વારા વિષયને અનુરૂપ પુસ્તકોના સેટનું ગીફ્ટ હેમ્પર આપવામાં આવ્યું. ક્વીઝમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થિનીઓને માહિતી-પુસ્તિકાઓ ભેટમાં આપવામાં આવી.

- તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ડૉ. જૂઈ શાહ તથા પ્રા. નયના પ્રજાપતિની નિશ્રામાં વિભાગની વિદ્યાર્થિનીઓ અમદાવાદના ડાયેટીશિયન ગ્રુપની AMA (અમદાવાદ મેનેજમેન્ટ ઍસોસિયેશન)માં ડાયેટીશિયન ગ્રુપના નેજા હેઠળ આયોજિત 'ડાયેટીશીયન CNE-2014 વિષયક સેમિનારમાં સહભાગી થયાં.

  આ સેમિનાર દ્વારા વિદ્યાર્થિનીઓએ જુદા જુદા રોગોમાં થેરાપ્યુટીક ડાયેટની જરૂરિયાત અને મહત્ત્વ વિશે માહિતી મેળવી.

  આ સેમિનારના Session Oxidative Stress and CVD માં ડૉ. જૂઈ શાહે Chairperson તરીકે ભૂમિકા ભજવી.

- તા. ૧ એપ્રિલ, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં પ્રીતિ કુકરી ક્લબ દ્વારા આયોજિત 'માઈક્રોવેવ વાનગીઓ' વિષયક સેમિનારમાં ડૉ. જૂઈ શાહની નિશ્રામાં હોમસાયન્સની વિદ્યાર્થિનીઓ સહભાગી બની. જેમાં વિદ્યાર્થિનીઓએ ૩૦ થી વધુ વાનગીઓ વિશે જાણકારી મેળવી.

➠ **હોમસાયન્સ વિભાગના યજમાનપદે State Level Seminar on Space Design in Interiors :**

તા. ૭ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ કૉલેજના હોમસાયન્સ વિભાગના યજમાનપદે Space Design in Interiors વિષયક રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો.

આ સેમિનારના આયોજનમાં પ્રિ. ડૉ. સિરાલી મહેતા, પ્રા. રૂપલ દેસાઈ (કૉ-ઑર્ડિનેટર)એ સક્રિય ભૂમિકા ભજવી.

ઘરમાં વપરાતી જગ્યા, પ્લાનીંગ, તેને અનુલક્ષીને ફર્નિચર ડિઝાઈનીંગ, હવા-ઉજાસની અવરજવર, વાસ્તુશાસ્ત્ર અને ઘરની ગોઠવણી વગેરે બાબતોને અનુલક્ષીને માહિતીપ્રદ જાણકારી આપવાના હેતુથી યોજાયેલ આ સેમિનારમાં કૉલેજના હોમસાયન્સ વિભાગના અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓ ઉપરાંત ગુજરાત રાજ્યની અન્ય કૉલેજના હોમસાયન્સના અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓ બહોળી સંખ્યામાં સહભાગી થયા.

**પ્રારંભ :**

સેમિનારના પ્રારંભમાં ડૉ. સિરાલી મહેતા (આચાર્ય, એસ.એલ.યુ કૉલેજ)એ સૌને આવકારી, સંસ્થાગત પરિચય તથા મંચસ્થજનોનો – ડૉ. ચંદ્રિકા રાવલ (માનદ્ મંત્રી, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ);

શ્રી ચતુરભાઈ પટેલ (નિયામકશ્રી, ગુ.સ્ત્રી.કે.મંડળ), શ્રી પારૂલબહેન ઝવેરી (ઉદ્ઘાટક તથા મુખ્ય વક્તા) તથા શ્રી પારૂલબહેન મહેતા (વક્તા)નો પરિચય આપી, સ્મૃતિ ભેટ આપી, અભિવાદન કર્યું. પ્રા. રૂપલ દેસાઈ (કૉ-ઑર્ડિનેટર)એ સમગ્ર સેમિનારની રૂપરેખા આપી. શ્રી પારૂલબહેન ઝવેરી તથા મંચસ્થજનોએ દીપ પ્રાગટ્ય કરી સેમિનારનું ઉદ્ઘાટન કર્યું.

ડૉ. ચંદ્રિકા રાવલે કાર્યક્રમને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, "પ્રવર્તમાન સમયમાં, મોંઘવારીના સમયમાં, ઓછી જગ્યાવાળા મકાનોમાં સારી સગવડ અને સુવિધાઓ કઈ રીતે કરી શકાય તે સામાન્ય માનવીઓને મુંઝવતો પ્રશ્ન રહ્યો છે. આવા પ્રશ્નના નિરાકરણના ભાગરૂપે યોજાયેલ આજનો સેમિનાર સાંપ્રત પ્રવાહને બંધબેસતો છે. આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન. સહભાગીદારોને મેનેજમેન્ટ વતી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

**SESSION-I :**

➡ સેમિનારના આ Sessionમાં પ્રિ.ડૉ. સિરાલી મહેતાએ Chairperson તરીકે ભૂમિકા ભજવી. ઉદ્ઘાટક તથા મુખ્ય વક્તા શ્રી પારૂલબહેન ઝવેરી (Architect and Interior Designer)એ ભારતીય શૈલીને, ઋતુને કેન્દ્રમાં રાખી Eco-Friendly મટિરીયલ દ્વારા રહેઠાણની સગવડ, સુવિધા કેવી રીતે થઈ શકે તેની વૈજ્ઞાનિક પદ્ધતિથી માહિતી આપી. વિવિધ પ્રકારની સ્લાઈડથી માહિતીપ્રદ વક્તવ્યમાં તેમણે ભાતીગળ સંસ્કૃતિ આધારિત રહેઠાણો, રી-સાયક્લિંગ અને પર્યાવરણ જતન, રહેઠાણમાં વપરાતા કૃત્રિમ તત્ત્વો (વિનીયર, પાકા રંગો, પ્લાસ્ટિક પ્લાયવુડ...) અને ક્લુષિત તથા વાતાવરણની આડઅસર વિશે વિસ્તૃત માહિતી આપી. તદ્ઉપરાંત પોતે ડિઝાઈન કરેલ, સ્થાનિક કારીગરોના કૌશલ્યનો ઉપયોગ કરીને તૈયાર કરેલ આહ્લાદાયક જૂની હવેલીઓ, પેલેસમાંથી ફેરવેલી હૉટલો દર્શાવી, મનનીય વક્તવ્ય આપ્યું.

➡ શ્રી પારૂલબહેન મહેતા (Architect and Interior Designer)એ પોતાના વક્તવ્યમાં મુખ્યત્વે ઘરની ખાલીજગ્યા, ફર્નિચરની ડિઝાઇનીંગમાં ટેક્નીક અને આર્ટિસ્ટીક સ્કીલ વિશે માહિતી આપી. તેમણે ઘરમાં રૂમની સાઇઝ-આકાર, કુટુંબીજનોના મુંડ, જરૂરિયાતને અનુલક્ષીને બારી-બારણાં, ફર્નિચર, સુશોભનના તત્ત્વો, લાઇટીંગ કઈ રીતે કરી શકાય તેની વિવિધ સ્લાઈડસ્ દ્વારા વિસ્તૃત માહિતી આપી.

**SESSION-II :**

Session-IIમાં બે વક્તાઓએ વક્તવ્ય આપ્યું. ડૉ. જૂઈ શાહે (અધ્યક્ષ, હોમસાયન્સ વિભાગ, એસ.એલ.યુ.કૉલેજ) ચેરપર્સન તરીકે ભૂમિકા ભજવી.

➡ ડૉ. નિવેદીતા પંડ્યા (Associate, Prof, Department of Home Science, Arts & Science College, Godhra) એ 'ઘર અને વાસ્તુશાસ્ત્ર' વિષયક વક્તવ્ય આપ્યું. તેમણે વાસ્તુશાસ્ત્ર-અંકશાસ્ત્ર-જ્યોતિષશાસ્ત્રની ઘર પર અસર વિશે રજૂઆત કરી.

➡ પ્રા. રૂપલ દેસાઈ (ઍસોસિયેટ પ્રોફેસર, હોમસાયન્સ વિભાગ, એસ.એલ.યુ.કૉલેજ)એ ‘વાસ્તુશાસ્ત્ર – એક વિજ્ઞાન’ અંતર્ગત વક્તવ્ય આપ્યું. તેમણે પવન અને પ્રકાશને કેન્દ્રમાં રાખી, મકાનની બાંધણી, આસપાસના વૃક્ષો, વાસ્તુશાસ્ત્ર અંગે અંધશ્રદ્ધા દૂર કરવાની બાબત વગેરે પર ભાર મૂકી, વૈજ્ઞાનિક માહિતી આપી.

પ્રત્યેક Sessionના વક્તાઓના વક્તવ્ય બાદ સહભાગીદારોએ પ્રશ્નોત્તરી દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

**સમાપન :**

સેમિનારના સમાપનમાં પ્રતિભાવ આપતા સહભાગીદારોએ જણાવ્યું કે, પારિવારિક ભાવનાથી સભર કૉલેજના વાતાવરણમાં, ઉત્કૃષ્ટ વક્તાઓની ઊંડાણપૂર્વકની માહિતીથી અમને સેમિનારમાં ભાગ લીધાનો સંતોષ થયો છે. આયોજન ખૂબ સરસ છે. પ્રત્યેક માનવીના જીવનનું મહત્ત્વનું સ્થળ – ‘ઘર’ હોય છે એટલું જ નહીં નાનું કે મોટું પણ સગવડ સુવિધાવાળું હોય તે દરેકનું સ્વપ્ન હોય છે. સ્વપ્નને સાકાર કરવા ‘બજેટ’ પણ એટલું જ અગત્યનું હોય છે. આ બધી જ બાબતોનો સમન્વય અહીં વક્તવ્યોમાં નિહાળી શકાયો છે.

સેમિનારના અંતે કૉ-ઑર્ડિનેટર પ્રા. રૂપલ દેસાઈએ સવિશેષ આભાર પ્રા. રેણુકા દેસાઈ (શૈક્ષણિક સલાહકાર, ગુ.સ્ત્રી.કે.મંડળ)નો માની, સેમિનારની સફળતામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપનાર સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી.

જ્ઞાનના આદાન-પ્રદાનથી સમગ્ર સેમિનાર સફળતાપૂર્વક સંપન્ન થયો.

- તા. ૮-૯ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ TERI The Energy and Resources Institute New Mumbai, Government of India, Ministry of Youth Affairs and Sportsના સહયોગ દ્વારા અમદાવાદ સ્થિત કે.કા.શાસ્ત્રી ગવર્મેન્ટ સાયન્સ કૉલેજના યજમાનપદે New Ideas for a New Tomorrow Promoting Innovation and Youth Participation વિષયક State Level Seminarનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડૉ. જૂઈ શાહ, ડૉ. પિંકેશકુમારી ગર્ગ તથા હોમસાયન્સની વિદ્યાર્થિનીઓ સહભાગી બન્યાં.

  આ સેમિનાર દ્વારા પર્યાવરણમાં પરિવર્તન, પાણીનું પ્રદુષણ, જળસંચય, જળસંકટ, શુદ્ધ પીવાનું પાણી, પાણીજન્ય રોગો વગેરે વિશે માહિતીપ્રદ વ્યાખ્યાનો યોજાયાં.

**ડેમોન્સ્ટ્રેશન :**

- તા. ૧૦-૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમિયાન ‘ડેમોન્સ્ટ્રેશન સિરીઝ’નું આયોજન કરવામાં આવ્યું. ડૉ. જૂઈ શાહની નિશ્રામાં શ્રીમતી પ્રીતિ ઠક્કર (રસોઈ નિષ્ણાંત; E-TV રસોઈની મહારાણી સ્પર્ધાના નિર્ણાયક) દ્વારા વિદ્યાર્થિનીઓને National and International Cuisine અંતર્ગત સૂપથી ડેઝર્ટ સુધીની

વાનગીઓની જાણકારી ડેમોન્સ્ટ્રેશન દ્વારા આપવામાં આવી. જેમાં વિદ્યાર્થિનીઓએ ચાયનીઝ, ઇટાલીયન, મેક્સિકન, કોન્ટીનેન્ટલ, પંજાબી, વિવિધ પ્રકારની મીઠાઈઓ તેમજ નેસ્લે કંપનીની વિવિધ પ્રોડક્ટસ્ દ્વારા બનતી વાનગીઓ વિશે જાણકારી મેળવી.

સિરીઝના અંતે 'સપ્ત ખાદ્ય જૂથનાં સંયોજન તથા ભૂના મસાલા (મૈત્રી)ના ઉપયોગ દ્વારા પોષક વાનગી' અંતર્ગત્ વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં –

**પ્રથમ : ફૈઝા કાગઝી** B.A. SEM-I

**દ્વિતીય : પ્રાકૃતિ ગજ્જર** B.A. SEM-I

**તૃતીય : મરીયા મસ્વી** B.A. SEM-I

...સ્થાને વિજેતા બન્યાં. વિજેતાઓને પ્રિ.ડૉ. સિરાલી મહેતાના હસ્તે નેસ્લેની વિવિધ પ્રોડક્ટસ્‌ના ગીફ્ટ હેમ્પર્સ આપવામાં આવ્યાં.

- પ્રા. રૂપલ દેસાઈની નિશ્રામાં અને શ્રી મંજુ ગોયેન્કા (આર્ટિસ્ટ, નેચરલ હોબી ક્લાસ, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ SEM-IVની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ આનુસંગિક વિવિધ ડેમોન્સ્ટ્રેશન નિહાળી, સ્વ-અનુભવ લીધો. જેમાં...
  - તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ ફેબ્રિક પેઈન્ટિંગ અને કેન્ડલ મૅકિંગ વિશે.
  - તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ ફેન્સી ફ્રેમ મેકીંગ અને ગ્લાસ પેઈન્ટીંગની ફ્રેમ મેકિંગ વિશે જાણકારી મેળવી.
- તા. ૩૦ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ પ્રા. રૂપલ દેસાઈની નિશ્રામાં SEM-IVની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમને અનુલક્ષીને 'બ્યુટી કેર' વિશે ડેમોન્સ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું.

  શ્રી ઈશાની શાહ (બ્યુટિશીયન, સહેલી બ્યુટી પાર્લર, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ ડેમોન્સ્ટ્રેશન દ્વારા હર્બલ ફેશીયલ, હર્બલ હેર મસાજ અને હેર પેક, વેક્સીંગ, થ્રેડીંગ, ટેટુ, નેઈલ આર્ટ, મહેંદી મેકિંગ વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરી.
- તા. ૧૨ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ પ્રા. સ્મિતા દવેની નિશ્રામાં બ્રધર કંપનીના સહયોગથી 'આધુનિક સિલાઈ મશીન'નું ડેમોન્સ્ટ્રેશન રાખવામાં આવ્યું. જેનો લાભ કૉલેજની આર્ટ્સ, કોમર્સ તથા હોમસાયન્સની વિદ્યાર્થિનીઓએ લીધો. વિશેષમાં તા. ૩ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ પુનઃ ડેમોન્સ્ટ્રેશન દ્વારા યોજાયેલ સિલાઈ મશીન – પ્રદર્શન / વેચાણનો લાભ કૉલેજની વિદ્યાર્થિનીઓએ લીધો. રોજગારલક્ષી આ મશીનને કેટલીક વિદ્યાર્થિનીઓએ ખરીદયાં.

### શૈક્ષણિક મુલાકાત :

- તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ડૉ. જૂઈ શાહના નેતૃત્ત્વ હેઠળ તથા શ્રી માયા સોની (લેબ.આસીસ્ટન્ટ)ની નિશ્રામાં SEM-IVની વિદ્યાર્થિનીઓએ અમદાવાદ સ્થિત ગુજરાત કેન્સર ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ-વાસણાના કોમ્યુનિટી ઑન્કોલોજી સેન્ટરની શૈક્ષણિક મુલાકાત લીધી. આ શૈક્ષણિક

મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ કેન્સર રોગ થવાના કારણો, પ્રકાર, નિદાન, સારવાર વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરી.

- તા. ૧૭, ૨૮ ઑગસ્ટ તથા ૨ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ SEM-Vની વિદ્યાર્થિનીઓએ પ્રા. રૂપલ દેસાઈના માર્ગદર્શન હેઠળ અભ્યાસક્રમ આનુસંગિક (હાઉસીંગ એન્ડ સ્પેસ ડિઝાઈનીંગ) વિવિધ સ્થળોની શૈક્ષણિક મુલાકાત, પૉટલક પાર્ટી સહિત લીધી. જેમાં...
  - તા. ૧૭ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ અમદાવાદના આશ્રમ રોડ પરના શ્રી કોબાવાલા – ફર્નિશિંગ મટીરિયલ્સ; Keyee – ફર્નિશિંગ મટીરિયલ્સ; રાજ ઇલેક્ટ્રોનિક્સ – લાઈટીંગ; ગરવી – હેન્ડીક્રાફટ; કપાસી – હેન્ડીક્રાફટ; ગોદરેજ ઇન્ટી. – ફર્નિચર (લોખંડ + લાકડું); વિક્રમ ચેમ્બર્સ – સેનેટરી વેર; નેપ્ચ્યુન હાઉસ – ટેપેસ્ટ્રી...

    શૈક્ષણિક મુલાકાત લીધી.
  - તા. ૨૮ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ અમદાવાદના S.G.Road પરના...

    Exotica ફર્નિચર; Durian – ફર્નિચર; સંસ્કૃતિ – ટેપેસ્ટ્રી; Wood Plus ફર્નિચર; Danube ફર્નિશિંગ; Galaxy – ફર્નિશિંગ; Sleek International ફર્નિશિંગ; Gurukrupa ફર્નિશિંગ...

    શૈક્ષણિક મુલાકાત લીધી.
  - તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ S.G.Road તથા ગુજરાત કૉલેજ પાસેના સ્થળો

    Edge ફર્નિશિંગ; Antech – ફર્નિશિંગ; Aerodrepe – ફર્નિશિંગ; Jayambe – ફર્નિશિંગ; At Home – ફર્નિશિંગ તથા Art Palace – સુશોભન આર્ટિકલ્સ...

    શૈક્ષણિક મુલાકાત લીધી.
- SEM-VIની વિદ્યાર્થિનીઓએ પ્રા. સ્મિતા દવેના નેતૃત્ત્વ હેઠળ
  - તા. ૬ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ Warp & Weft Exhibitionની શૈક્ષણિક મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ 'કાપડ'ને અનુલક્ષીને જ્ઞાન મેળવી, Market Survey કર્યો.
  - તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ 'ખાદી પ્રદર્શન'ની શૈક્ષણિક મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન ખાદીના ઉત્પાદન સંબંધિત વિવિધ તબક્કાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી.

**વાનગી સ્પર્ધા :**

તા. ૨૨ માર્ચ, ૨૦૧૪ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓ માટે 'વિવિધ ખાદ્ય સંયોજન દ્વારા પૌષ્ટિક નાસ્તા' અંતર્ગત વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ

ઉત્સાહભેર ભાગ લીધો. આ સ્પર્ધામાં ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ, પ્રા. રશ્મિ સોની તથા ડૉ. વર્ષા પ્રજાપતિએ નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી. આ સ્પર્ધામાં

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | **અસ્મા પતંગિયાવાલા** | **SEM-II** |
| **દ્વિતીય** | : | **ઉઝમા ખલિફા** | **SEM-II** |
| **તૃતીય** | : | **નસરીન મેમણ** | **SEM-II** |

સ્થાને વિજેતા બન્યા. તદ્ઉપરાંત SEM-IIના શબાના શેખ, ઝહિદા માંડલી તથા શાહજહાં પઠાણને આશ્વાસન ઈનામ આપી, પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.

### જાગૃતિ કાર્યક્રમ :

પર્યાવરણ દિન નિમિત્તે વિદ્યાર્થિનીઓએ પ્રા. ડૉ. દર્શના અંજારિયાના નેતૃત્ત્વ હેઠળ વૃક્ષારોપણ કર્યું. સાથોસાથ પર્યાવરણ સાચવણીની મહત્તા વિશે માહિતી પ્રાપ્ત કરી.

### ☞ ડૉ. જૂઈ શાહ :

- તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ બાયસેગ (BISAG) દ્વારા પ્રસારિત 'સંધાન' – જીવંત વ્યાખ્યાન કાર્યક્રમ – અંતર્ગત Diet Planning for Pregnant & Lactating Mother વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા. ૧૧ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ કમિશનર – મહિલા અને બાળવિકાસની કચેરી, ગાંધીનગરમાં મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા આયોજિત 'આંગણવાડી હેલ્પરોની હોમસાયન્સ કૉલેજ માટે ટી.એ.ટી. બાબત વિશે યોજાયેલ સભામાં આમંત્રિત સભ્ય તરીકે ઉપસ્થિત રહ્યાં તેમજ સક્રિય ભાગીદાર બન્યાં.
- તા. ૧૯-૨૧ ડિસેમ્બર, ૨૦૧૩ દરમિયાન ધી હોમસાયન્સ એસોસિયેશન ઑફ ઇન્ડિયા, ગુજરાત રાજ્યના નેજા હેઠળ વડોદરા સ્થિત એમ. એસ. યુનિવર્સિટીના હોમસાયન્સ વિભાગ દ્વારા આયોજિત 100 years of Home Science : Retrospect and Prospects વિષયક 30th Biennial Conferenceમાં સહભાગી.
- તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ Food and Nutrition Board, Government of Gujarat, Ministry of Woman and Child Development, અમદાવાદ દ્વારા આયોજિત Training of Trainers Course on Nutrition and Health વિષયક કાર્યક્રમમાં Role of Anti Oxident in Health વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં પ્રીતિ કુકરી ક્લબ દ્વારા આયોજિત Live Demo with Chef Morde on Chocolate વિષયક Demonstration cum Seminarમાં સહભાગી થયાં.

- તા. ૨૭ માર્ચ, ૨૦૧૪ના રોજ વડોદરામાં Department of Extension and Communicationમાં M.S.Universityની Faculty of Family and Community Science દ્વારા આયોજિત Children and Women in Media : Issue and Perspectives વિષયક National Seminarમાં Portrayas of Women in Indian Advertising An Overview વિશે પેપર રજૂ કર્યું.
- મહિલા અને બાળવિકાસ કચેરી, ગાંધીનગર દ્વારા સંચાલિત ICDS Programme અંતર્ગતની બાળકોના પુરક પોષણ માટેની રેસીપી નક્કી કરવાની સમિતિના સભ્ય તરીકે નિયુક્ત.
- વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની એમ.ફિલ., પીએચ.ડી. પ્રવેશ (હોમસાયન્સ) કાર્યવાહી સમિતિના સભ્ય તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા સમિતિ (હોમસાયન્સ)ના સભ્ય તરીકે કાર્યરત.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા પ્રકાશિત પુસ્તકના (હોમસાયન્સ) લેખિકા તરીકે કાર્યરત.
- ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્ટડીઝ (હોમસાયન્સ)ના સભ્ય તરીકે કાર્યરત.
- KCG અંતર્ગત હોમસાયન્સ અભ્યાસક્રમ સંરચના સમિતિમાં વિષય નિષ્ણાત તરીકે કાર્યરત.
- વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી – અમદાવાદ દ્વારા સંચાલિત સર્ટિફિકેટ ઇન ફૂડ ઍન્ડ ન્યુટ્રીશન કોર્સમાં હોમસાયન્સ વિષયના કાઉન્સેલર તરીકે કાર્યરત.
- વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી, અભ્યાસકેન્દ્ર – અમદાવાદ દ્વારા સંચાલિત DNHE અને DELE કોર્સમાં હોમસાયન્સ વિષયના કાઉન્સેલર તરીકે કાર્યરત.

### ☞ ડૉ. જૂઈ શાહ તથા પ્રા. નયના પ્રજાપતિ :

તા. ૩૧ માર્ચ, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત Prin. M.C.Shah Commerce College તથા C.C.Sheth College of Commerceના સંયુક્ત ઉપક્રમે આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત Entrepreneurship Development & Challenges વિષયક State Level Seminarમાં સહભાગી થયાં. જેમાં...

### ☞ ડૉ. દર્શના અંજારિયા તથા પ્રા. સ્મિતા દવે :

તા. ૩-૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમિયાન વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના હોમસાયન્સ વિભાગ દ્વારા આયોજિત Nutrigenomics : Promising tool for combating chronic diseases વિષયક National Seminarમાં સહભાગી થયાં.

– ડૉ. જૂઈ શાહે Women Entrepreneurship : Turning Challenges into Opportunities વિશે પેપર રજૂ કર્યું.
– પ્રા. નયના પ્રજાપતિએ 'ઉદ્યોગ સાહસિકતાનું શિક્ષણ' વિશે પેપર રજૂ કર્યું.

☞ **પ્રા. નયના પ્રજાપતિ :**

- તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૩ થી ૫ જાન્યુઆરી, ૨૦૧૪ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની ઍકેડેમિક સ્ટાફ કૉલેજ દ્વારા આયોજિત Interactive Programme for Ph.D. Scholar વિષયક રિફ્રેશર કોર્સમાં સહભાગી થયાં.
- તા. ૨-૪ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની ઍકેડેમિક સ્ટાફ કૉલેજ દ્વારા આયોજિત A short term course for Ph.D. Scholars Social Sciences માં સહભાગી થયાં.
- તા. ૧૨ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ અમદાવાદમાં Gujarat Statistical Association દ્વારા આયોજિત Statistics for Research & Development વિષયક National Conferenceમાં સહભાગી થયાં.

## ★ ગુજરાતી વિભાગ :

- તા. ૧૨ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ SEM-Iની વિદ્યાર્થિનીઓને અભ્યાસક્રમના અનુસંધાનમાં (પેપર : 102; ઝેર તો પીધા છે જાણી જાણી) દર્શકના જીવનકવન આધારિત DVD બતાવવામાં આવી.
- તા. ૧૭ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ SEM-I, III અને V ની વિદ્યાર્થિનીઓએ 'નરસિંહ મહેતા' વિષય અંતર્ગત 'ભક્ત નરસૈયો' ફિલ્મ નિહાળી.
- તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમના અનુસંધાનમાં – 'સત્યના પ્રયોગો'ની ઓડિયો CD દ્વારા ગાંધીજીના જીવનકવન વિશે માહિતી પ્રાપ્ત કરી.
  – લાભશંકર ઠાકરના જીવન કવન આધારિત DVD નિહાળી, વિષયોચિત માહિતી મેળવી.

## • ગુજરાતી વિભાગના યજમાનપદે આંતરકૉલેજ સેમિનાર :

તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ગુજરાતી વિભાગના યજમાનપદે SEM-II તથા VIના અભ્યાસક્રમને અનુલક્ષીને આંતરકૉલેજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિભાગની વિદ્યાર્થિનીઓ ઉપરાંત વિવિધ કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યાપકો વિદ્યાર્થિનીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં.

**પ્રારંભ :**

આ સેમિનારના પ્રારંભમાં ડૉ. સિરાલી મહેતા (આચાર્ય, એસ.એલ.યુ.કૉલેજ)એ સૌને આવકારી, સંસ્થાગત પરિચય આપ્યો. ડૉ. અર્ચના પંડ્યાએ (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ) સેમિનારની રૂપરેખા આપી. શ્રી ચતુરભાઈ પટેલ (નિયામકશ્રી, ગુ.સ્ત્રી.કે.મંડળ) તથા શ્રી સોમાભાઈ પટેલે (સહનિયામકશ્રી, ગુ.સ્ત્રી.કે.મંડળ) સૌને શુભેચ્છા પાઠવી.

**Session I :**

સેમિનારના પ્રથમ સત્રમાં મુખ્ય વક્તા શ્રી સતીશ વ્યાસે (જાણીતા સાહિત્યકાર), SEM-VIના અભ્યાસક્રમને અનુલક્ષીને 'સત્યના પ્રયોગો' વિશે મનનીય વક્તવ્ય આપ્યું. પુસ્તકમાં સમાવિષ્ટ વિવિધ પ્રસંગોનું ઝીણવટપૂર્વક વિશ્લેષણ કરી, સવિશેષ માહિતી આપી.

વક્તવ્ય બાદ પ્રશ્નોત્તરીમાં સૌ સહભાગીદારોએ સક્રિય રસ લઈ વૈચારિક આદાન-પ્રદાન કર્યું.

**Session II :**

સેમિનારના બીજા સત્રમાં SEM-IIના અભ્યાસક્રમને આનુષંગિક પૃથિવી વલ્લભ નવલકથા પર આધારિત ચિત્રપટ 'માલવપતિ મુંજ' બતાવવામાં આવી.

ચિત્રપટ નિહાળ્યા બાદ અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓએ ચિત્રપટમાં રજૂ થયેલી ઘટનાઓને ધ્યાનમાં રાખી માહિતીનું આદાન-પ્રદાન કર્યું.

**સમાપન :**

સેમિનારના સમાપને સહભાગીદારોએ પ્રતિભાવ આપતાં જણાવ્યું કે, ''પ્રવર્તમાન સમયમાં દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોનું મહત્ત્વ વધતું જાય છે તેવા વાતાવરણમાં સેમિનારમાં સાંપ્રત સમયને અનુલક્ષીને આયોજિત બન્ને Sessionમાં અમને માહિતીનું આદાન-પ્રદાન કરવાનો ખૂબ આનંદ આવ્યો. આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન. ભવિષ્યમાં પણ અમને આવા સેમિનારમાં સહભાગી થયાનો અવસર પ્રાપ્ત થાય તેવી આશા રાખીએ છીએ.

સેમિનારના સમાપને સેમિનારના સંચાલક ડૉ. વર્ષા પ્રજાપતિ (અધ્યાપક, ગુજરાતી વિભાગ)એ સેમિનારને સફળ બનાવવામાં સહકાર આપનાર સૌનો આભાર માન્યો.

સૌ સહભાગીદારોના સક્રિય સહભાગને લીધે સમગ્ર સેમિનાર સફળતાપૂર્વક પૂર્ણ થયો.

**શૈક્ષણિક મુલાકાત :**

- તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ડૉ. અર્ચના પંડ્યાની નિશ્રામાં SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રાનુલક્ષી અમદાવાદ સ્થિત 'ગાંધી આશ્રમ'ની શૈક્ષણિક મુલાકાત લીધી.

  ગાંધી આશ્રમના કાર્યકર શ્રી ઝંખનાબહેન દ્વારા ગાંધીજીના જીવન અને સાહિત્યની ઝાંખી કરાવતા મ્યુઝિયમ, નિવાસસ્થાન, મીરા કુટિર વગેરેની શૈક્ષણિક મુલાકાત લઈ, ગાંધીજીના સાદગીસભર જીવન અને કાર્યો વિશે જાણકારી પ્રાપ્ત કરી.

- તા. ૯ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત એમ.પી.આર્ટ્સ ઍન્ડ એમ.એચ.કોમર્સ કૉલેજ ફોર વિમેનના ગુજરાતી તથા સમાજશાસ્ત્ર વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'સાહિત્ય અને સમાજ' વિષયક Interdisciplinary Zonal Seminarમાં ડૉ. અર્ચના પંડ્યાના નેતૃત્ત્વ હેઠળ SEM-IVની વિદ્યાર્થિનીઓ – ફરહીન મિર્ઝા, ક્રિષ્ના પ્રજાપતિ, સાજેદા મિર્ઝા, ફરહીન શેખ, સોફિયા મલેક સહભાગી થયાં.
- તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ડૉ. અર્ચના પંડ્યા તથા ડૉ. વર્ષા પ્રજાપતિના નેતૃત્ત્વ હેઠળ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસ વિષયના અનુસંધાનમાં...
  - અમદાવાદના રાયપુર વિસ્તાર સ્થિત દેસાઈની પોળના અખા ભગત ચોકની શૈક્ષણિક મુલાકાત લઈ, ત્યાં અખા ભગતના છપ્પાનું પઠન કર્યું. તદ્ઉપરાંત પોળના રહેવાસી શ્રીમતિ મૈત્રેયીબહેન દ્વારા વિશેષ માહિતી મેળવી.
  - કાળુપુર વિસ્તાર સ્થિત દલપતરામ ચોકની શૈક્ષણિક મુલાકાત લઈ, કવિ દલપતરામના કાવ્યોનું પઠન કર્યું.
  - નવરંગપુરા વિસ્તાર સ્થિત ભો.જે.અધ્યયન સંશોધન વિદ્યાભવનમાં સ્થાપિત ઐતિહાસિક હસ્તપ્રતોના મ્યુઝિયમની શૈક્ષણિક મુલાકાત લીધી.

    શ્રી રામજીભાઈ સાવલિયાએ વિદ્યાર્થિનીઓને ગુજરાતી ભાષાના મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપો, ગુજરાતી ભાષાની વિકાસરેખાને રજૂ કરતાં પોસ્ટરો, પુસ્તકો, હસ્તપ્રતો, તામ્રપત્રો, શિલ્પ સ્થાપત્યના નમૂના, સિક્કા વગેરે બાબતો બતાવીને સવિશેષ માહિતી આપી.

### ☞ ડૉ. અર્ચના પંડ્યા :

- તા. ૧૦જાન્યુઆરી, ૨૦૧૪નારોજએસ.ડી.આર્ટ્સઍન્ડબી.આર.કોમર્સકૉલેજ, માણસાતથાગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'કવિશ્રી રાજેન્દ્ર શાહ : ભારતીય સાહિત્ય સંદર્ભે' વિષયક રાષ્ટ્રીય પરિસંવાદમાં 'કવિશ્રી રાજેન્દ્ર શાહની ગીતરચનાઓ' વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૧૮-૨૦ જાન્યુઆરી, ૨૦૧૪ દરમિયાન અમદાવાદમાં KCG Education Department, Gujarat Governmentના નેજા હેઠળ ગુજરાત કોમર્સ કૉલેજ (સવાર)ના યજમાનપદે આયોજિત Promotion of Culture of Quality through Research વિષયક workshopમાં સહભાગી થયા.

  **પ્રકાશન :**
  - E Book : Biography and Autobiography : Gandhi era (ISBN-GGKEY:FJNR 3A3ROFS) પુસ્તક પ્રસારિત.

    **નોંધ :** ઉપર્યુક્ત પુસ્તક Google Play Books પર Archana Pandya click કરવાથી જોઈ શકાય છે.

☞ ડૉ. વર્ષા પ્રજાપતિ :

**પ્રકાશન :**

➠ **પુસ્તક :**

– 'રમેશ પારેખની કાવ્યકલા' પુસ્તક પ્રકાશિત (ISBN-978-93-82614-17-3), જ્ઞાનમંદિર પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૪, (સહયોગ : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર)

➠ **આર્ટિકલ :**

– Department of Higher Education, Gujarat State દ્વારા KCG (Knowledge Consortium of Gujarat)ના નેજા હેઠળ પ્રસારિત E-Journal of Humanities (ISSN : 2279-0233) અંતર્ગત... 'પરંપરા અને નવીનતાનો અર્થ' શોધપત્ર (January February - 2014) પ્રકાશિત.
– 'સખીરી ! મેં તો પ્રેમદિવાની – એક આસ્વાદ' લેખ પ્રકાશિત – રૂપાંતર (ISBN 978-93-82352-31-0), ફ્લેમિંગો પબ્લિકેશન્સ, અમદાવાદ, પાના નં. ૬૦-૬૪.

★ **हिन्दी विभाग :**

**कहानी लेखन :**

ता. १२ ओगस्ट, २०१३ के दिन डॉ. निशा जोशी एवं डॉ. रावजी कोटवाल के मार्गदर्शन में SEM-I, III और V की छात्राओं की लेखनकला को उजागर करने हेतु कहानीलेखन कार्यक्रम का आयोजन किया गया । जिसमें छात्राओंने उत्साह से भाग लिया

**चर्चा :**

ता. १६ सितंबर, २०१३ को हिन्दी दिवस के उपलक्ष्य में SEM-I, III और V की छात्राओं ने डॉ. निशा जोशी एवं डॉ. रावजी कोटवाल की निश्रा में 'राष्ट्रभाषा – हिन्दी' शीर्षक के दहत चर्चा की ।

☞ **डॉ. निशा जोशी और डॉ. रावजी कोटवाल :**

- ता. २०-२१ जुलाई, २०१३ को माणसा में एस. डी. आर्ट्स एण्ड बी. आर. कॉमर्स कॉलेज द्वारा आयोजित और UGC अनुदानित 'अज्ञेय और आधुनिक हिन्दी साहित्य' विषयक राष्ट्रीय संगोष्ठि में हिस्सा लिया ।

  जिसमें...

  – डॉ. निशा जोशी ने 'अज्ञेय : शेखर एक जीवनी' विषय पर
  – डॉ. रावजी कोटवाल ने 'अज्ञेय के उपन्यासों में पुरुष पात्र' पर

  प्रपत्र प्रस्तुत किये ।

- ता. १ दिसम्बर, २०१३ को प्रगतिशील लेखक संघ गुजरात राज्य समिति एवं हिन्दी साहित्य अकादमी, गांधीनगर के तत्त्वज्ञान में आयोजित 'प्रगतिशील समीक्षक डॉ. शिवकुमार मिश्र : जीवन और साहित्य' विषय पर राष्ट्रीय परिसंवाद में हिस्सा लिया ।

## ★ ભૂગોળ વિભાગ :

- વર્ષારંભમાં SEM-III તથા Vની વિદ્યાર્થિનીઓએ પ્રવેશ મેળવનાર SEM-I (ભૂગોળ)ની વિદ્યાર્થિનીઓ માટે 'ભૂગોળ પ્રવેશોત્સવ'નું આયોજન કરી, આગંતુક વિદ્યાર્થિનીઓને વિષયાનુષંગિક – ભૂગોળના પેપર્સ, પ્રાયોગિક કાર્ય, જનરલ લેખન વગેરે વિશે માહિતગાર કરી.
- વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓ માટે વિભાગીય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ કમ્પ્યુટર દ્વારા Google Earth, Remote Sensing, Satellite Image વગેરે વિશે માહિતીપ્રદ વ્યાખ્યાનો યોજાયાં. વિદ્યાર્થિનીઓએ માહિતીના આદાન-પ્રદાન દ્વારા સવિશેષ જ્ઞાન પ્રાપ્ત કર્યું.
- તા. ૬ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓને અભ્યાસક્રમને અનુલક્ષીને 'વાવાઝોડું'', 'જ્વાળામુખી' વિષયક Documentaries બતાવવામાં આવી.
- તા. ૯-૧૨ જાન્યુઆરી, ૨૦૧૪ દરમિયાન SEM-VIની વિદ્યાર્થિનીઓ માટે પ્રા. ઘનશ્યામ અંજારા તથા પ્રા. કેતલ ત્રિવેદીના નેતૃત્ત્વ હેઠળ તેમજ શ્રી પ્રકાશ પરમારની સહાય દ્વારા 'કચ્છનો અભ્યાસ' અંતર્ગત ભૌગોલિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રવાસ દરમિયાન અંજાર, ભૂજ, હાજીપીર (કચ્છનું મોટું રણ), માતાનો મઢ, પાનધ્રો, કોટેશ્વર, નારાયણ સરોવર, જખૌ – નલિયા, ગોધરા (અંબાજી ધામ), માંડવી, મુદ્રા (બંદર)ની શૈક્ષણિક મુલાકાત લઈ, વિદ્યાર્થિનીઓએ કચ્છનું ભુપૃષ્ઠ, તેની આબોહવા, કુદરતી વનસ્પતિ, વસાહતો, વસ્તી, વ્યવસાયો, રહેણી-કરણી; કુદરતી સૌંદર્ય; સમુદ્રકિનારાનો માનવજીવન પર પ્રભાવ, ૨૦૦૧-૨૦૧૧ – એક દસકામાં આ વિસ્તારોમાં થયેલા ભૌગોલિક ફેરફાર અને તેની અસર; રણવિસ્તારની વનસ્પતિ, જમીન, પશુ-પંખીઓ; મુદ્રા પોર્ટ દ્વારા થતી આયાત-નિકાસ વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરી.
- **ભૂગોળ વિભાગના યજમાનપદે ભૂગોળ – અભ્યાસઘડતરની કાર્યશાળા – Workshop on Curriculum Development of Geography :**

  ગુજરાત યુનિવર્સિટી – બોર્ડ ઑફ સ્ટડીઝ (ભૂગોળ)ના ઉપક્રમે તા. ૩-૪ મે, ૨૦૧૩ દરમિયાન કૉલેજના ભૂગોળ વિભાગના યજમાનપદે Curriculum Development of Geography વિષયક Workshopનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બોર્ડ ઑફ સ્ટડીઝ (ભૂગોળ)ના સભ્યો પ્રા. ઘનશ્યામ અંજારા (ઍસોસિયેટ પ્રોફેસર અને અધ્યક્ષ, ભૂગોળ વિભાગ, એસ.એલ.યુ.કૉલેજ, અમદાવાદ), પ્રા. કે. જે. પટેલ (ઍસોસિયેટ પ્રોફેસર, એલ.ડી.આટ્ર્સ કૉલેજ, અમદાવાદ), ડૉ. જે. જી. રંગીયા

(ઍસોસિયેટ પ્રોફેસર, ઉમા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર), પ્રા. બી. એમ. વાળા (ઍસોસિયેટ પ્રોફેસર, એચ.કે.આર્ટ્સ કૉલેજ તથા પ્રા. ફાલ્ગુની પટેલ (ઍસોસિયેટ પ્રોફેસર, ઉમા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યાં.

સૌ સભ્યોએ GPSC, UPSC જેવી પરીક્ષાને કેન્દ્રમાં રાખીને, વિદ્યાર્થીઓના હિતાર્થે અભ્યાસક્રમનું આયોજન કર્યું. જેથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓ શૈક્ષણિક ક્ષેત્રે વધુ ને વધુ સિદ્ધિઓ હાંસલ કરી, પોતાના વ્યક્તિત્વ વિકાસ સાધી શકે.

B.A.SEM-5 તથા SEM-6 (ભૂગોળ)ના અભ્યાસઘડતર, પેપર માળખું, પ્રાયોગિક કાર્ય વગેરે વિશે ગહનચર્ચા દ્વારા અભ્યાસક્રમ ઘડવામાં આવ્યો.

ચર્ચા-વિચારણાથી સભર અભ્યાસ ઘડતરની આ કાર્યશાળા સફળતાપૂર્વક સંપન્ન થઈ.

### ☞ પ્રા. ઘનશ્યામ અંજારા :

- ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્ટડીઝ (ભૂગોળ)ના સભ્ય તરીકે કાર્યરત્.
- ગુજરાત ભૂગોળ મંડળના સેક્રેટરી તરીકે સક્રિય પણે કાર્યરત્..
- ગુજરાત યુનિવર્સિટી દ્વારા B.A. SEM-V (ભૂગોળ)ના Chairman તરીકે નિયુક્ત.

## ★ ઈતિહાસ વિભાગ :

- તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓએ પ્રા. નરવતસિંહ ડામોર તથા ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટના નેતૃત્ત્વ હેઠળ અમદાવાદના પાલડી સ્થિત અમદાવાદ – અતીતની ઝાંખી તથા પતંગ મ્યુઝિયમની શૈક્ષણિક મુલાકાત લીધી.

### ☞ ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ :

- તા. ૨૦-૨૧ જુલાઈ, ૨૦૧૩ દરમિયાન માણસા (જિ. ગાંધીનગર) સ્થિત એસ.ડી.આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ દ્વારા આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત 'મહારાજા સયાજીરાવ ગાયકવાડ – ત્રીજા' વિષયક National Seminarમાં 'સયાજીરાવ ગાયકવાડ – ત્રીજાનું વડોદરાના વિકાસમાં પ્રદાન' વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૨૯ સપ્ટેમબર, ૨૦૧૩ના રોજ અમદાવાદ સ્થિત S.M.Patel Institute of Commerce દ્વારા આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત પત્રકારત્વ અને પર્યટન વિષયક State Level Seminarમાં 'ગુજરાતમાં પર્યટનનું મહત્ત્વ' વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૯ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ ધનસૂરા (જિ. અરવલ્લી) મુકામે ગુજરાત સાહિત્ય અકાદમીના નેજા હેઠળ ધનસુરા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ દ્વારા આયોજિત 'સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યમાં રામાયણ અને મહાભારતમાં વ્યક્ત થતા ભારતીય સંસ્કૃતિના મૂલ્યો' વિષયક National Seminarમાં 'ગાંધીજી અનાસક્તિયોગ' વિશે પેપર રજૂ કર્યું

- તા. ૧૦-૧૧ જાન્યુઆરી, ૨૦૧૪ દરમિયાન ગાંધીનગરમાં ગુજરાત સરકાર અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ભારતનો વારસો' વિષયક National Seminarમાં સહભાગી થયાં.
- શ્રી બ્રહ્મચારીવાડી, સંસ્કૃત પાઠશાળા, અમદાવાદ દ્વારા આયોજિત...
  - તા. ૨૩-૨૫ મે, ૨૦૧૪ દરમિયાન 'જ્યોતિષ પ્રશિક્ષણ વર્ગ' વિષયક workshopમાં,
  - તા. ૨૭-૨૯ મે, ૨૦૧૪ દરમિયાન 'જ્યોતિષ પ્રશિક્ષણ વર્ગ-૨' વિષયક workshopમાં સહભાગી થયાં.

☞ **ડૉ. દક્ષિણા શાહ :**

તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ અમદાવાદમાં C. U. Shah Arts College દ્વારા ICILITના સહયોગથી આયોજિત IT Awerness વિષયક workshopમાં સહભાગી થયાં.

### ★ માનસશાસ્ત્ર વિભાગ :

**પ્રોજેક્ટ કાર્ય :**

વર્ષ ૨૦૧૩-૨૦૧૪ દરમિયાન SEM-I,II, III, IVની વિદ્યાર્થિનીઓએ ડૉ. નીતા પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ વર્તમાનપત્રોમાં પ્રકાશિત 'મનોદૈહિક વિકૃતિ' અંતર્ગતની માહિતીનું સંકલન કરી, વિકૃતિઓના પ્રકાર, લક્ષણો તેમજ તેનું નિદાન કઈ રીતે થઈ શકે તે વિશે વૈચારિક આદાન-પ્રદાન કર્યું.

### ★ સમાજશાસ્ત્ર વિભાગ :

Samaj Setu...We create Relations અંતર્ગત અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

**પ્રોજેક્ટ કાર્ય :**

- વિભાગીય અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ સેમેસ્ટર II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રમાં 'સમુદ્રમંથન' કૉલમ હેઠળ સામાજિક મુદ્દાઓના અનુસંધાનમાં ડૉ. વિદ્યુત જોષી દ્વારા લિખિત આર્ટિકલનું સંકલન કરી, વિષયોચિત મુદ્દાઓની ચર્ચામાં સક્રિય ભાગ લીધો.
- ડૉ. ચંદ્રિકા રાવલના (પ્રૉફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) માર્ગદર્શન હેઠળ વિભાગીય અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓએ Social Profile of Sociology Students : SLU Arts and H & P Thakore Commerce College for Women અંતર્ગત સંશોધન કાર્ય કર્યું.

**ક્ષેત્રકાર્ય :**

તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ SEM-II, IV તથા VIની વિદ્યાર્થિનીઓએ ડૉ. શૈલજા ધ્રુવ, પ્રા. હિના પટેલના નેતૃત્ત્વ હેઠળ તથા શ્રી ધર્મિષ્ઠા કરડાણીની સહાય દ્વારા ભાયલા (તા. બાવળા, જિ.

અમદાવાદ) ગામનો સમાજશાસ્ત્રીય અભ્યાસ વિષયક ક્ષેત્રકાર્ય દ્વારા માહિતી પ્રાપ્ત કરવા 'ભાયલા' ગામની શૈક્ષણિક મુલાકાત લીધી. આ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન વિદ્યાર્થિનીઓએ ગ્રામીણજીવનના વિવિધ પાસાંઓ વિશે જાણકારી મેળવી.

**Presentation Competition :**

- SEM-IVની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમના (પેપર : 213 ગ્રામીણ ગુજરાતમાં અસ્પૃશ્યતા : ડૉ. આઈ.પી.દેસાઈ) અનુસંધાનમાં 'ગ્રામીણ સમુદાય અને અસ્પૃશ્યતા' વિષયક Presentation Competitionનું આયોજન કરવામાં આવ્યું. જેમાં... **દીક્ષા બાબુભાઈ સોલંકી, આયુષી રાજેન્દ્રભાઈ શાહ** તથા **કાજલ બાબુભાઈ રાઠોડ** અનુક્રમે **પ્રથમ, દ્વિતીય** તથા **તૃતીય સ્થાને** વિજેતા બન્યાં.
- SEM-VIની વિદ્યાર્થિનીઓ માટે અભ્યાસક્રમના (પેપર : 315, સમાજ અને સમાજકાર્ય) અનુસંધાનમાં 'સમાજમાં સમાજકાર્યનું મહત્ત્વ' વિષયક Presentation Competitionનું આયોજન કરવામાં આવ્યું. જેમાં **પ્રથમ સ્થાને – ઝકિયાબાનુ જફરભાઈ પિંજારા; દ્વિતીય સ્થાને – નીતુ ગોવિંદભાઈ જાદવ** અને **બુશરા ઈકબાલભાઈ અજમેરવાલા** તથા **તૃતીય સ્થાને સુઝના ઝફરઉલ્લાહ શેખ** અને **વૈશાલી વિનોદભાઈ સરવૈયા** વિજેતા બન્યાં.

**Guest Lecture :**

- તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ શ્રી હાર્દિક પરીખે (ઍડવોકેટ, સીટી સિવિલ ઍન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ) SEM-Iની વિદ્યાર્થિનીઓને તેમના અભ્યાસક્રમના (પેપર-102 – ભારતીય સમાજનું માળખું) અનુસંધાનમાં 'લગ્ન અને જ્ઞાતિના કાયદાઓ' વિશે વ્યવસાયિક ઉદાહરણો દ્વારા માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું. વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોત્તરી દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.
- તા. ૧ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ 'માનવસાધના' સંસ્થાના સહયોગ દ્વારા વિદેશી સામાજિક કાર્યકરો સાથે Global local interaction programme યોજવામાં આવ્યો.

  શ્રી શિરીષભાઈ ડાભીની નિશ્રામાં યોજાયેલ આ કાર્યક્રમમાં વિવિધ દેશોના સામાજિક કાર્યકરો – Shri Rebekka Schuetz (Germany), Lyrassa Lili Jones (USA), Vaishali Khandel (UK), Soham Desai (USA), Natasha Chohen (France), Becky Dickson (Australia), Helen Dickson (Australia) તથા Nora Duchene (Germany) – ઉપસ્થિત રહ્યાં.

  આ કાર્યક્રમમાં ડૉ. ચંદ્રિકા રાવલ (પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) તથા ડૉ. સિરાલી મહેતા (આચાર્ય, એસ.એલ.યુ.કૉલેજ)એ વૈચારિક આદાન-પ્રદાનમાં સેતુરૂપ ભૂમિકા ભજવી.
- તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ડૉ. ચંદ્રિકા રાવલે (પ્રૉફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) SEM-VIની વિદ્યાર્થિનીઓને તેમના અભ્યાસક્રમ (પેપર : 311 : ભારતનો સામાજિક ઈતિહાસ) આનુષંગિક 'ગાંધીજી : સામાજિક ચિંતક' વિશે માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું.

**શૈક્ષણિક મુલાકાત :**

વર્ષારંભે SEM-I, III તથા Vની વિદ્યાર્થિનીઓએ 'અખંડ જ્યોત ફાઉન્ડેશન'ની શૈક્ષણિક મુલાકાત લઈ, HIV / AIDS સંબંધિત સચોટ માહિતી પ્રાપ્ત કરી તેમજ વર્ષ દરમિયાન અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં લોકજાગૃતિ માટે પેમ્ફલેટ વિતરણ તથા સમજાવટની કામગીરી કરી.

તદ્ઉપરાંત ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત કુટુંબ સલાહ કેન્દ્ર તથા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રની શૈક્ષણિક મુલાકાત લઈ, તેના નેજા હેઠળ યોજાતા સેવાકાર્યમાં નોંધપાત્ર કામગીરી કરી.

- તા. ૮ જુલાઈ, ૨૦૧૩ના રોજ ડૉ. શૈલજા ધ્રુવના નેતૃત્ત્વ હેઠળ SEM-Iની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ આનુસંગિક (પેપર : 102 : ભારતીય સમાજનું માળખું) 'નગર સમુદાય' મુદ્દાના અનુસંધાનમાં અમદાવાદના સંસ્કાર કેન્દ્રમાં સ્થાપિત કર્ણાવતી અતીતની ઝાંખી હેઠળ અમદાવાદ : ઈતિહાસ અને તવારીખ વિષયક પ્રદર્શન નિહાળી, પ્રાચીન તથા અર્વાચીન અમદાવાદના ચિત્રો, ચીજવસ્તુઓ, જીવનશૈલી વિશે માહિતી પ્રાપ્ત કરી.

  'પતંગ' – 'અમદાવાદની ઓળખ' સંદર્ભના પ્રદર્શનને નિહાળી વિવિધ પ્રકારના પતંગો, પતંગોના ઉદ્ભવ-વિકાસ વિશે જાણકારી મેળવી તેમજ પતંગ-મેકિંગની ડૉક્યુમેન્ટરી પણ નિહાળી.
- તા. ૧૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર : 203 : સામાજિક સંશોધન પરિચય) સંદર્ભે 'ગ્રંથાલયની ઉપયોગિતા – ગોઠવણી' અંતર્ગત કૉલેજના શ્રી મિનલ કોઠારી ગ્રંથાલયની શૈક્ષણિક મુલાકાત લીધી. શ્રી મમતા પાંડે (ઇન્ચાર્જ ગ્રંથપાલ)એ વિદ્યાર્થિનીઓને સવિસ્તર માહિતી આપી.
- તા. ૩૦ જુલાઈ, ૨૦૧૩ના રોજ પ્રા. હિના પટેલના નેતૃત્ત્વ હેઠળ SEM-IIIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર : 202 : ભારતના આદિવાસીઓ) અનુસંધાનમાં ગૂજરાત વિદ્યાપીઠમાં આવેલ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં સ્થાપિત 'આદિવાસી મ્યુઝિયમ'ની શૈક્ષણિક મુલાકાત લીધી.

  તદ્ઉપરાંત વિદ્યાપીઠમાં જ સ્થાપિત શ્રી મોરારજી દેસાઈ સ્મૃતિ ભવન તેમજ વિજ્ઞાન ભવનની શૈક્ષણિક મુલાકાત લઈ અનુક્રમે શ્રી મોરારજી દેસાઈના જીવન-કવન તથા વૈજ્ઞાનિક સાધનો વિશે જાણકારી પ્રાપ્ત કરી.
- તા. ૨૦ માર્ચ, ૨૦૧૪ના રોજ SEM-VIની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમ (પેપર : 311 : ભારતનો સામાજિક ઈતિહાસ) સંદર્ભે અમદાવાદ સ્થિત 'ગાંધી આશ્રમ'ની શૈક્ષણિક મુલાકાત લીધી.

**સેમિનાર / કાર્યક્રમ :**

- તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત એમ.પી.આર્ટ્સ ઍન્ડ એમ.એચ.કોમર્સ કૉલેજ ફોર વિમેનના સમાજશાસ્ત્ર વિભાગ તથા ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે સમાજશાસ્ત્ર વિષયના SEM-VIના પેપર – ૩૧૪ : સાહિત્ય અને સમાજને અનુલક્ષીને આયોજિત કરવામાં આવેલ 'સાહિત્ય

અને સમાજ' વિષયક સેમિનારમાં SEM-VIની વિદ્યાર્થિનીઓ – વૈશાલી સરવૈયા, નીતુ જાદવ, ભાવના પરમાર, ભૂમિકા પરમાર, ભાવના પુરબિયા, બુશરા અજમેરવાલા, ભાવના સોનારા સહભાગી થયાં.

- તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત એમ.બી.પટેલ રાષ્ટ્રભાષા વિનયન ઔર વાણિજ્ય મહાવિદ્યાલય દ્વારા આયોજિત સ્ત્રીજાગૃતિ, ભ્રષ્ટાચાર નાબુદી, વ્યસન મુક્તિ અંતર્ગતના 'વસંતોત્સવ-૨૦૧૪' કાર્યક્રમમાં SEM-IV તથા SEM-VIની વિદ્યાર્થિનીઓએ હાજરી આપી.

**ચર્ચા :**

- તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ 'રાષ્ટ્રીય કન્યાદિન' નિમિત્તે SEM-II, IV & VIની વિદ્યાર્થિનીઓ દ્વારા 'સમાજમાં કન્યા-જન્મ તરફનું વલણ' વિષયક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ કન્યા જન્મ તરફનો પરંપરાગત દૃષ્ટિકોણ, વર્તમાન સમયમાં બદલાતી તાસીર વગેરે વિશે સ્વ-અનુભવને આધારે પોતાના વિચારો રજૂ કરી, ચર્ચામાં સક્રિય ભાગીદારી નોંધાવી.
- તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ 'રાષ્ટ્રીય મતદાર દિવસ' નિમિત્તે SEM-IV અને VIની વિદ્યાર્થિનીઓ માટે 'ચૂંટણી-૨૦૧૪ અને મહિલા મતદાતા' વિષયક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ બંધારણ દ્વારા અપાયેલ મતદાન અધિકાર, સંસદીય પ્રણાલી તેમજ મતદાન પ્રક્રિયા વિશે રજૂઆત કરી, ચર્ચામાં સક્રિય રસ લીધો.

- **સમાજશાસ્ત્ર વિભાગના યજમાનપદે 'સમાજશાસ્ત્ર – અભ્યાસ ઘડતર'ની કાર્યશાળા :**

**(Workshop on Curriculum Development of Sociology) :**

ગુજરાત યુનિવર્સિટી – બોર્ડ ઑફ સ્ટડીઝ (સમાજશાસ્ત્ર)ના ઉપક્રમે તા. ૨૦ જુલાઈ, ૨૦૧૩ના રોજ અમદાવાદ સ્થિત એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેનના સમાજશાસ્ત્ર વિભાગના યજમાનપદે Curriculum Development of Sociology વિષયક Workshopનું આયોજન થયું. જેમાં ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપકો તથા ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના સમાજશાસ્ત્ર વિષયન અધ્યાપકો સહભાગી થયા.

ગુજરાત યુનિ. બોર્ડ ઑફ સ્ટડીઝના ચેરમેન તથા ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. મનુભાઈ મકવાણાના અધ્યક્ષ સ્થાને આ Workshop યોજાઈ.

પ્રારંભમાં એસ.એલ.યુ. કૉલેજના પ્રિન્સીપાલ, ડૉ. સિરાલી મહેતાએ સૌને આવકારી, સમાજશાસ્ત્રના અધ્યાપકોની વિષય સજ્જતાને બિરદાવી, કાર્યક્રમને શુભેચ્છા પાઠવી. Workshopના કૉ-ઓર્ડિનેટર તથા ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. ચંદ્રિકા રાવલે વર્કશોપની રૂપરેખા આપી, Workshopના હેતુઓ તેમજ સમાજશાસ્ત્રના અભ્યાસક્રમમાં ભાવિ પ્રવાહને લક્ષ્યમાં લઈ શકાય તેવા મુદ્દાઓ વિશે માહિતી આપી.

Workshopમાં સહભાગી થનાર તમામ અધ્યાપકોએ પોતાના રસ-રુચિ મુજબ સેમેસ્ટર-૬ (VI)ની અભ્યાસ ઘડતર સમિતિમાં સક્રિયતા દર્શાવી, ચર્ચામાં ભાગ લીધો. ચર્ચા-વિચારણાને અંતે સેમેસ્ટર-૬ (VI)ના વિવિધ કોર્સનું ઘડતર કરવામાં આવ્યું.

અધ્યાપકોની ભલામણને લક્ષ્યમાં લઈ, અધ્યક્ષશ્રીએ પ્રશ્નપત્રના માળખામાં સૂચિત ફેરફારોને અનુમોદન આપ્યું.

Workshopના અધ્યક્ષ સ્થાનેથી ડૉ. મનુભાઈ મકવાણાએ જણાવ્યું કે, 'અભ્યાસ ઘડતરની સાથે અધ્યાપકોનું લેખનકાર્ય પણ આવશ્યક છે.' ભવિષ્યમાં વિદ્યાર્થીઓને આધારભૂત અભ્યાસ સામગ્રી મળી રહે એ માટે સૌના સક્રિય પ્રયત્નો હોવા જરૂરી છે.

Workshopમાં સહભાગી થનાર અધ્યાપકોએ પોતાના પ્રતિભાવમાં, આયોજકોને અભિનંદન આપી, જણાવ્યું કે 'સમાજશાસ્ત્રની વિષય સજ્જતામાં આવી Workshop ઉપયોગી નિવડે છે.'

Workshopના સમાપને Workshopના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી તથા એસ.એલ.યુ.કૉલેજના સમાજશાસ્ત્ર વિભાગના એસો. પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. શૈલજા ધ્રુવે Workshopને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપનાર સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી.

સમગ્ર દિવસ દરમિયાનની વૈચારિક ચર્ચા-વિચારણાને અંતે Workshop સફળતાપૂર્વક સંપન્ન થઈ.

**☞ ડૉ. શૈલજા ધ્રુવ :**

- તા. ૧૭-૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમિયાન વલ્લભવિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સિટીના The Center for Indian Diaspora અને Department of Sociologyના સંયુક્ત ઉપક્રમે આયોજિત Indian Diaspora and its Contribution : India and Abroad with special reference to Non-Resident Indians વિષયક International Seminarમાં Contribution of Gujarati in Diaspora વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ બાયસેગ (BISAG) દ્વારા પ્રસારિત 'સંધાન' – જીવંત વ્યાખ્યાન કાર્યક્રમ – અંતર્ગત ડૉ. ચંદ્રિકા રાવલ (પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) સાથે 'સ્ત્રીઓ અને સમાજ' વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા. ૫ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ અમદાવાદ સ્થિત ઉમિયા આટ્ર્સ ઍન્ડ કોમર્સ કૉલેજ ફોર ગર્લ્સના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત 'સ્ત્રીઓ અને સમાજ' વિષયક સેમિનારમાં અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહી, વિષયોચિત વ્યાખ્યાન આપ્યું.

- તા. ૬-૨૫ નવેમ્બર, ૨૦૧૩ દરમિયાન ન્યૂઝીલેન્ડના પ્રવાસ સમયે Dunedin સ્થિત
  - University of OTAGOના Sociology Departmentના Assoc. Professor Martin Tolichની નિશ્રામાં Department તથા Universityની શૈક્ષણિક મુલાકાત લીધી.
  - Community Collegeના Manager Shri Michelle Bruntonની નિશ્રામાં collegeની શૈક્ષણિક મુલાકાત લીધી.
- તા. ૨૦-૩૦ ડિસેમ્બર, ૨૦૧૩ દરમિયાન
  - સમાજશાસ્ત્રની વિવિધ શાખાઓ પૈકી ધર્મના સમાજશાસ્ત્ર અંતર્ગત જાણીતા સમાજશાસ્ત્રી ડૉ. એમ. એન. શ્રીનિવાસે રજૂ કરેલ ધર્મના સિદ્ધાંતના પાયાના ક્ષેત્રકાર્ય વિસ્તાર – કૂર્ગ (કર્ણાટક)ની શૈક્ષણિક મુલાકાત લીધી.
  - તા. ૨૭-૨૯ ડિસેમ્બર, ૨૦૧૩ દરમિયાન મૈસૂર (કર્ણાટક)માં Karnataka State open Universityના યજમાનપદે Indian Sociological Societyના નેજા હેઠળ આયોજિત Inequality, Social Justice and Empowerment વિષયક XXXIX All India Sociological Conferenceમાં Two Decades of education in Gujarat (1991-2011) વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત એમ.પી.આર્ટ્સ ઍન્ડ એમ.એચ.કોમર્સ કૉલેજ ફોર વિમેનના સમાજશાસ્ત્ર વિભાગના યજમાનપદે SEM-VI : પેપર : 315 : સમાજ અને સમાજકાર્યના અનુસંધાનમાં 'સમાજ અને સમાજકાર્ય' વિષયક Faculty Development Programmeમાં સહભાગી થયાં.
- તા. ૧-૨ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમિયાન રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના યજમાનપદે આયોજિત. Development and Social justice in Contemporary Society વિષયક ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના ૨૧માં અધિવેશનમાં 'સામાજિક ન્યાય વિશે' ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારોની પ્રસ્તુતતા' વિશે પેપર રજૂ કર્યું.
- તા. ૧-૨ એપ્રિલ, ૨૦૧૪ દરમિયાન અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના Study Abroad Programme and Diaspora Studies દ્વારા આયોજિત Discourses on Indian Politics : Post-Coalition Era-Issues of Technology and Development વિષયક Multi Disciplinary National Seminarમાં સહભાગી થયાં.
- વિશ્વ ગુજરાતી સમાજની આંતરરાષ્ટ્રીય મહિલા વિંગ (IWW-VGS)માં માનદ્ સહમંત્રી તરીકે કાર્યરત્
- ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના સહમંત્રી તરીકે કાર્યરત્
- ગુજરાત યુનિવર્સિટી – સમાજશાસ્ત્ર વિષયના બૉર્ડ ઑફ સ્ટડીઝના સભ્ય તરીકે કાર્યરત્

**પ્રકાશન :**

➠ **પુસ્તક :**

ભારતનો સામાજિક ઇતિહાસ (ISBN-978-93-5108-170-8), પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, જાન્યુઆરી-૨૦૧૪.

➠ **આર્ટિકલ :**

- ‘જીવન સંભારણા : ગુજરાતની પ્રથમ સ્નાતિકા શારદાબહેન મહેતાના પુસ્તકનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ’ (ISSN-0971-6629), અભિદૃષ્ટિ, અંક-૭૦, વર્ષ-૭, સપ્ટેમ્બર-૨૦૧૩, પાના નં. ૭-૧૩.
- The Role of Education in the Empowerment of Women (Case Study of SLU Arts and H & P Thakore Commerce College for Women); (ISSN-2231-2897) AARSI A Journal of Social Reflection, Vol. 1, No. 1, September-2013, Pg. No. 57-69.
- ‘ગુજરાતમાં પ્રભાવી જ્ઞાતિ તરીકે પાટીદારો’ (ISSN-0976-9809), વિ-વિદ્યાનગર, અંક-૧૦, વર્ષ-૧૫, સળંગ અંક-૫૦૪, ઑક્ટોબર-૨૦૧૩, પાના નં. ૨૨-૩૦.

➠ **પુસ્તકમાં પ્રકરણ :**

‘આંદામાનના જારવા આદિમ જાતિની ઓળખ’; Tribal Development - Perspectives & Issues by Mahesh Gamit & J. C. Patel (ed.) (ISBN : 978-93-82935-06-3) Vista Publishers, Jaipur, 2013, Page No. 200-206.

### ☞ પ્રા. હિના પટેલ

તા. ૨૨-૨૩ માર્ચ, ૨૦૧૪ દરમિયાન મહેસાણા સ્થિત Smt. A. S. Chaudhary Mahila Arts & Home Science Collegeના Department of Psychology & Department of Sociologyના સંયુક્ત ઉપક્રમે આયોજિત Adjustment as an Improvement of Quality of Life વિષયક National Conferenceમાં Marital Adjustment વિશે પેપર રજૂ કર્યું.

## ★ CWDC (Collegiate Womens Development Committee) :

- તા. ૧૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ વિદ્યાર્થિનીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના પ્રારંભમાં આચાર્યશ્રી અને CWDCના ચેરપર્સન ડૉ. સિરાલ મહેતાએ મુખ્ય વક્તા ડૉ. ચંદ્રિકા રાવલ (પ્રૉફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)નો પરિચય આપી, સૌને આવકાર્યા. ડૉ. ચંદ્રિકા રાવલે ‘મહિલાઓની સલામતી અને CWDCની ભૂમિકા’ વિશે સવિસ્તર માહિતી આપી.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓને 'બેટી બચાવો' અભિયાન અંતર્ગત જાગૃતિ અર્થે 'કલીની કરુણ કહાની' તથા મહિલાઓના જાતીય શોષણ વિરુદ્ધ જાગૃતિ લાવવાના હેતુથી 'અબ ખામોશી ક્યોં ? વિષયક ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવે કર્યું હતું.

- તા. ૧૦ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ 'મહિલા આરોગ્ય : સમસ્યા અને નિવારણ' વિશે ડૉ. રાજલ ઠાકર (Ass. Prof. in Ob. & Gynecology Sheth V. S. General Hospital, Smt. NHL Municipal Medical College, Ahmedabad)નું વ્યાખ્યાન યોજવામાં આવ્યું.

  વ્યાખ્યાન બાદ વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોત્તરી દ્વારા વિશેષ માહિતી મેળવી.

- તા. ૧૭ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ Kenyaથી આવેલ Maurine J. Kiplagat (Social Worker, Children Department, Government of Kenya, Nandi East Kenya)એ CWDC સેન્ટરની મુલાકાત લેતા જણાવ્યું કે,

  CWDC is a very noble organization for the society today. Women form a very essential part of the population. Women should be empowered for the society to attain development in all spheres that in economic, social and political. Women should be given opportunities through education. The CWDC is doing good work for the women.

- તા. ૧૭ ઑગસ્ટ, ૨૦૧૩ના Cipla Ltd.ના નેજા હેઠળ આયોજિત Lakshya Programme અંતર્ગત Awareness of the disease related to breast and some gynecological problems વિષયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

  આ કાર્યક્રમમાં Dr. Deepa Trivedi (Pediatric haematologist Oncologist, Ahmedabad) એ Power Point Presentation દ્વારા વિદ્યાર્થિનીઓને સરળ શૈલીમાં માહિતી પ્રદાન કરી. વિદ્યાર્થિનીઓએ પ્રશ્નોત્તરી દ્વારા મુંઝવતા પ્રશ્નોના ઉત્તરો મેળવ્યાં.

  આ કાર્યક્રમના આયોજનમાં Shri Rajesh Tiwari (Territory Manager, Cipla Ltd.)એ સાંકળરૂપ ભૂમિકા ભજવી.

- **CWDC તથા ગુજરાત સરકાર સંચાલિત GRC (જેન્ડર રિસોર્સ સેન્ટર)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત Workshop on Discrimination :**

  તા. ૨૩ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ અમદાવાદ સ્થિત AMA (અમદાવાદ મેનેજમેન્ટ ઍસોસિયેશન) ખાતે કૉલેજના CWDC તથા ગુજરાત સરકાર સંચાલિત GRC (જેન્ડર રિસોર્સ સેન્ટર)ના સંયુક્ત ઉપક્રમે 'જાતિગત ભેદભાવ અંગે સંવેદનશીલતા' વિષયક કાર્યશાળા (Workshop)નું આયોજન કરવામાં આવ્યું.

  સમાજમાં જાતિગત ભેદભાવ નિર્મૂળ થાય તેમજ સ્ત્રી-પુરુષ પારસ્પરિક રીતે સંવેદનશીલતા કેળવે એ હેતુથી આયોજિત આ કાર્યશાળામાં જેન્ડર રિસોર્સ સેન્ટરના અધિકારીઓ,

એસ.એલ.યુ.કૉલેજના – પ્રિ. ડૉ. સિરાલી મહેતા, ડૉ. શૈલજા ધ્રુવ, પ્રા. હિના પટેલ, પ્રા. નરવતસિંહ ડામોર, ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ, ડૉ. નિશા જોશી, ડૉ. નીતા પટેલ, ડૉ. દર્શના અંજારિયા, ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રો. ચંદ્રિકા રાવલ તેમજ વિવિધ કૉલેજના CWDCના કન્વીનર્સ ઉપસ્થિત રહ્યા હતાં.

**પ્રારંભ :**

Workshopની શરૂઆતમાં શ્રી શૈલેન્દ્રકુમારી ઝાલા (ઑફિસર, GRC; કૉ-ઑર્ડિનેટર-Workshop)એ સૌને આવકારી કાર્યશાળાની રૂપરેખા આપી. ડૉ. દિનેશ કાપડીયા (નિયામકશ્રી, GRC)એ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત GRC (Gender Resource Centre) વિશે સવિસ્તર માહિતી આપી. ડૉ. ચંદ્રિકા રાવલે જેન્ડર અને સમાજના અનુસંધાનમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે, સમાજ જીવનમાં બદલાતા વાતાવરણમાં હવે માત્ર મહિલાલક્ષી જ નહીં, પરંતુ પુરુષલક્ષી સંવેદનશીલતા તરફ પણ ધ્યાન રાખવું આવશ્યક છે. અલબત્ત સમાજમાં મહિલાઓ તરફના અત્યાચારોના આંકડાઓ વધુ છે પણ હવે પુરુષોની સમસ્યાઓ પણ સહજ રીતે વધતી જાય છે. સમાજના ઉત્કર્ષ માટે બન્ને તરફ ન્યાયપૂર્ણ વાતાવરણ સર્જાય તે ખૂબ જરૂરી છે. આ પ્રકારની કાર્યશાળામાં થતા વૈચારિક આદાન-પ્રદાન સમાજમાં બદલાવ લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતા હોય છે. તેમણે વિશેષમાં CWDC SLU College તથા GRC બન્નેને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી.

પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ 'જેન્ડર બજેટિંગ'ને કેન્દ્રમાં રાખી ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે, અમારા અર્થશાસ્ત્રમાં કામદાર અને આધારિત બન્નેના આધારે સમાજના વિકાસના મુદ્દાઓની ચર્ચા થતી હોય છે. જેમાં સ્ત્રીઓ અને પુરુષો બન્નેનો આર્થિક સહયોગ મહત્ત્વનો બને છે. કાર્યસ્થળે કે ગૃહસંચાલન ક્ષેત્રે બન્નેની સંવેદનાયુક્ત કાર્યશૈલીથી વ્યક્તિગત, કૌટુંબિક તેમજ વ્યવસાયિક ક્ષેત્રે માનસિક તણાવ ઓછો થાય છે એ હકીકત છે. આથી જેન્ડર ભેદભાવ ઓછા કરવા મહિલાઓ અને પુરુષો વચ્ચે સંવેદનાયુક્ત વાતાવરણ સર્જાય તે ખૂબ જરૂરી છે.

**Session-I :**

આ Sessionના વક્તા શ્રી સેજલ જોષી (આસિસ્ટન્ટ સેક્રેટરી, 'અવાજ', અમદાવાદ)એ પોતાના વ્યવસાયિક અનુભવ તેમજ સમાજની માનસિકતાઓના આધારે 'જાતિગત ભેદભાવ અને મહિલાઓ' વિશે વક્તવ્ય આપતાં જણાવ્યું કે, "સમાજમાં કેટલીક આરૂઢ થયેલી બાબતોમાં આમૂલ પરિવર્તન લાવવું અશક્ય નથી, પણ તેના માટેની ઢબ બદલવાની જરૂર છે. જેન્ડરના અનુસંધાનમાં કેન્દ્રમાં તો મહિલાઓ તેમજ તેને સંલગ્ન બાબતોની ચર્ચા થાય છે. જો આપણે ખરેખર જાતિગત ભેદભાવ ઓછો કરવો હોય તો આપણી સામાજિક રૂઢિ અને રૂઢિ આનુસંગિક માનસિકતા બન્નેમાં મહિલાઓ અને પુરુષો બન્નેને સામેલ કરી, પરંપરાવાદી દૃષ્ટિકોણ બદલવો પડશે. કોઈ એક પક્ષે દોષારોપણ કે પક્ષપાત કે પૂર્વગ્રહ રાખવાથી સમસ્યાઓ હલ નહીં થાય પણ નવું સ્વરૂપ ધારણ કરશે. સમસ્યાઓ વિનાનો સમાજ ન હોય પણ સમાજમાં ઓછી સમસ્યાઓ સર્જાય તે ખૂબ જરૂરી છે. આના માટે જાતિગત ભેદભાવને ઘણે અંશે નિર્મૂળ કરવા આવશ્યક છે.

**Session-II :**

આ સત્રના વક્તા ડૉ. દિનેશ કાપડિયા (નિયામક, GRC)એ મહિલાલક્ષી કાયદાઓની ઝલક અને કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) તેમજ અધિનિયમ ૨૦૧૩ની જોગવાઈઓના સંદર્ભમાં વક્તવ્ય આપતાં જણાવ્યું કે, ''કોઈપણ સમસ્યાનો હલ એકદમ થાય જ એવું હંમેશાં બનતું નથી. વળી, સમસ્યા નિવારણ માટે તેનું સતત મોનેટરિંગ થાય તો જ તેનું પરિણામ પ્રાપ્ત થઈ શકે.'' તેમણે પોતાની આગવી શૈલીમાં રોજબરોજના જીવનમાં જોવા મળતી બાબતોને ઉદાહરણરૂપે ટાંકીને સમાજની વાસ્તવિકતા વિશે જાણકારી આપી. સમાજમાં જાતિગત ભેદભાવ અંગે સંવેદનશીલતા કેળવાય તે માટે સરકારી તેમજ બિનસરકારી સંસ્થાઓની કાર્યશૈલી, પ્રવૃત્તિઓ, કાર્યક્રમો વિશે સૌને માહિતગાર કર્યા. સિદ્ધિઓ અને મર્યાદાઓની રજૂઆત કરી. મહિલાલક્ષી કાયદાઓની ઝલક આપી, કાર્યસ્થળે મહિલાઓને થતી જાતિય સતામણીને નાબુદ કરવા થયેલા અધિનિયમ વિશે જાણકારી આપી.

**Session-III :**

સત્ર-૩ના વક્તા શ્રી સોફિયા ખાન (નિયામકશ્રી, 'સફર', અમદાવાદ) એ 'જાતિગત ભેદભાવ મુક્ત અને હિંસામુક્ત સમાજના ઘડતરમાં વ્યાખ્યાતા / પ્રાધ્યાપકની ભૂમિકા' વિશે વક્તવ્ય આપતા જણાવ્યું કે, ''સમાજમાં શિક્ષણસંસ્થાઓ વ્યક્તિની જીવનયાત્રામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષણ અને કેળવણી વ્યક્તિના વ્યક્તિત્વનો પરિચય આપે છે. કુટુંબની સાથોસાથ વિશેષ કરીને શિક્ષણ સંસ્થાઓ વ્યક્તિના સામાજિકરણમાં અગત્યનો ભાગ ભજવે છે. સામાજિકરણ દ્વારા વ્યક્તિ સારા-નરસાનો ભેદ સમજતી થાય છે. આવી સમજ મેળવવામાં શિક્ષકોના બાહ્ય અને આંતરિક વર્તન વ્યવહારો વ્યક્તિ પર ઊંડી અસર પાડે છે. જો શિક્ષકો આરૂઢ થયેલી પ્રણાલીઓથી થોડા જુદા વિચારો કે જે સમાજઉપયોગી હોય તેને આચાર-વિચારમાં મૂકે તો સમાજમાં જોવા મળતા જાતિગત ભેદભાવોમાં ઘણે અંશે બદલાવ આવી શકે.

તેમણે વધુમાં પોતાના વ્યવસાયિક તેમજ જાહેરજીવનના કાર્યોમાં જોવા મળેલા જાતિગત ભેદભાવ કઈ રીતે દૂર કર્યા તેના ઉદાહરણરૂપ બનાવો ટાંકીને જણાવ્યું કે, પ્રવર્તમાન સમયમાં જાતિગત ભેદભાવ મુક્ત તેમજ હિંસા મુક્ત સમાજઘડતરમાં શિક્ષકો પાયાની ભૂમિકા ભજવી શકે છે, કારણ કે તેમની પાસે આવતા વિદ્યાર્થીઓ સમાજનું ભાવિ ગણાયા છે. જાતિગત ભેદભાવ ન હોય તેવા સ્વસ્થ સમાજના નિર્માણમાં શિક્ષકો વૈચારિક બદલાવ લાવી શકે છે.

**સમાપન :**

Workshopના સમાપને સહભાગીદારોએ પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે, "સમાજમાં પ્રવર્તમાન જાતિગત ભેદભાવને દૂર કરવાના ભાગરૂપે આયોજિત આ Workshopમાં માહિતીપ્રદ વ્યાખ્યાનો આપનાર વક્તાઓના વક્તવ્યમાંથી એટલું તો જરૂર જાણવા મળે છે કે, સરકારી તેમજ બિનસરકારી સંસ્થાઓ આ પ્રશ્નોના નિવારણ માટે કટિબદ્ધ છે. વળી, સાંપ્રત સમયને આનુસંગિક વિષય દ્વારા આ Workshop યોજવાનું આયોજન સરાહનીય છે. આ Workshopમાંથી સમાજીવનને જોવાની એક નવી તરાહ – દૃષ્ટિ ખૂલે છે."

અંતમાં, ડૉ. શૈલજા ધ્રુવે (કન્વીનર – CWDC, એસ.એલ.યુ.કૉલેજ; કૉ-ઑર્ડિનેટર-Workshop)એ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપનાર સૌ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

વક્તા અને સહભાગીદારોના વૈચારિક આદાન-પ્રદાનથી સમગ્ર Workshop સફળતાપૂર્વક સંપન્ન થઈ.

- તા. ૭ જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ કૉલેજના CWDCના સ્થાપના દિન નિમિત્તે વિદ્યાર્થિનીઓએ સ્ત્રી-આરોગ્ય સંબંધી જાગૃતિ લાવવાના આશયથી પોતાના ગ્રામીણ સમુદાયમાં તથા શહેરી વિસ્તારમાં સમજાવટની કામગીરી કરી.
- તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ વિદ્યાર્થિનીઓની લલિતકલાઓને ઉજાગર કરવાના ભાગરૂપે 'કલારસ' અંતર્ગત ડેમોન્સ્ટ્રેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.
  શ્રી શંકરભાઈ જશુભાઈ બારોટ (ટ્રસ્ટી તથા કલાનિષ્ણાંત – મહિલા ઉદ્યોગ મંડળ, ખાદી ભંડાર રોડ, જયપૂર, રાજસ્થાન)ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓએ ભરતકામ, તેનું કટીંગ, આભલા ભરવાની સરળ રીત તેમજ ગાલીચા માટેની ચિત્રકલા, કાર્બન પેપર દ્વારા કલાત્મક ચિત્રો વગેરે વિશે રસપૂર્વક માહિતી પ્રાપ્ત કરી. વ્યવસાયિક કારકિર્દી ઘડતરને ઉપયોગી માહિતીથી સભર આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.
- તા. ૮ માર્ચ, ૨૦૧૪ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગુજરાત યુનિવર્સિટીના WDC (Women Development Cell)ના નેજા હેઠળ આયોજિત Women Empowerment વિષયક સેમિનારમાં CWDCના કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવ સહભાગી થયાં.
- તા. ૨૧ માર્ચ, ૨૦૧૪ના રોજ મુંબઈથી પધારેલ Dr. P. S. Vivek (Professor, Department of Sociology, University of Mumbai)એ CWDC સેન્ટરની મુલાકાત લઈ જણાવ્યું કે,
  Very happy to know that you are involved in counselling activity on behalf of CWDC. Dr. Shailaja wish you all the best.
- ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત કુટુંબ સલાહ કેન્દ્ર તથા વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના કેન્દ્ર દ્વારા આયોજિત સમાજોપયોગી તેમજ મહિલાઓના દરજ્જા સુધાર કાર્યમાં કન્વીનર ડૉ. શૈલજા ધ્રુવ તથા વિદ્યાર્થિનીઓ સહભાગી બને છે.

- **આંતરવિભાગીય :**

☞ **પ્રા. ભરત પટેલ તથા ડૉ. એમ. એમ. કોઠારિયા :**

તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ અમદાવાદમાં S.M.Patel Institute of Commerce દ્વારા આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત Development Dynamics of Gujarat : Growth Opportunities and Potential Ahead વિષયક State Level Seminarમાં પ્રા. ભરત પટેલ (કોમર્સ વિભાગ) તથા ડૉ. એમ. એમ. કોઠારિયા (અર્થશાસ્ત્ર વિભાગ) સહભાગી થયાં.

☞ **ડૉ. એમ. એમ. કોઠારિયા, પ્રા. સ્મિતા દવે, ડૉ. દર્શના અંજારિયા, પ્રા. ઘનશ્યામ અંજારા, પ્રા. કેતલ ત્રિવેદી :**

તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ ગાંધીનગરમાં Climate Change Department, Government of Gujarat દ્વારા આયોજિત Climate Change વિષયક Workshopમાં સહભાગી થયાં.

☞ **પ્રા. ભરત પટેલ તથા ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ :**

તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ અડાલજમાં OAKBROOK BUSINESS School, Adalaj (Dist. Ahmedabad) દ્વારા આયોજિત Changing Paradigm in Higher Education Innovative Methods and Research વિષયક Faculty Development Programmeમાં સહભાગી થયાં.

☞ **ડૉ. નીતા પટેલ તથા પ્રા. હિના પટેલ :**

તા. ૨૩-૨૪ માર્ચ, ૨૦૧૪ દરમિયાન મહેસાણામાં Smt. A. S. Chaudhary Mahila Arts & Home Science Collegeના Department of Psychology & Sociologyના સંયુક્ત ઉપક્રમે આયોજિત અને ICSSR (Indian Council of Social Science Research) દ્વારા પ્રાયોજિત Adjustment as an Improvement of Quality of Life વિષયક National Conferenceમાં સહભાગી થયાં.

- આ સેમિનારમાં ડૉ. નીતા પટેલે (માનસશાસ્ત્ર વિભાગ) A Study of Social Maturity of English Medium and Gujarati Medium Students વિશે પેપર રજૂ કર્યું. તદ્ઉપરાંત સેમિનારની એક Pannelમાં Co-Chairing તરીકે કામગીરી કરી.
- આ સેમિનારમાં પ્રા. હિના પટેલે (સમાજશાસ્ત્ર વિભાગ) Marital Adjustment વિશે પેપર રજૂ કર્યું.

☞ **ડૉ. દર્શના અંજારિયા તથા ડૉ. નીતા પટેલ :**

તા. ૧-૩ માર્ચ, ૨૦૧૪ દરમિયાન અમદાવાદ સ્થિત GLS (Gujarat Law Society)ના Diamond Jubilee Celebrationના ઉપક્રમે Smt. Laxmiben & Shri Chimanlal Mehta Arts College

દ્વારા Indian Academy of Applied Psycologyના નેજા હેઠળ આયોજિત Psychology for Holistic living in Global World વિષયક 49th National and 18th International Conferenceમાં સહભાગી થયાં.

– આ સેમિનારમાં ડૉ. દર્શના અંજારિયાએ (હોમસાયન્સ વિભાગ) Effect of Obesity on Mental Heath વિશે પેપર રજૂ કર્યું.
– આ સેમિનારમાં ડૉ. નીતા પટેલે (માનસશાસ્ત્ર વિભાગ) A study of social adjustment of primary and secondary school teachers વિશે પેપર રજૂ કર્યું.

☞ **ડૉ. નિશા જોશી, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. નીતા પટેલ, ડૉ. રાવજી કોટવાલ, પ્રા. રશ્મિ સોની :**

તા. ૭ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ અમદાવાદ સ્થિત એસ.આર.મહેતા આટ્ર્સ કૉલેજના યજમાનપદે આયોજિત અને UGC દ્વારા પ્રાયોજિત CBCS : Philosophy & Implications વિષયક National Seminarમાં સહભાગી થયાં.

☞ **ડૉ. દર્શના અંજારિયા, પ્રા. સ્મિતા દવે, પ્રા. રૂપલ દેસાઈ, ડૉ. નિશા જોશી, ડૉ. રાવજી કોટવાલ, ડૉ. અર્ચના પંડ્યા, ડૉ. નીતા પટેલ તથા Home Scienceની વિદ્યાર્થિનીઓ :**

તા. ૪ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત શ્રી એસ. આર. મહેતા આટ્ર્સ કૉલેજના યજમાનપદે આયોજિત તથા UGC દ્વારા પ્રાયોજિત Human Rights & Child Labour વિષયક National Seminarમાં સહભાગી થયાં.

– ડૉ. દર્શના અંજારિયાએ Human rights for Women વિશે
– પ્રા. રૂપલ દેસાઈએ સ્ત્રીઓને લગતા કાયદા વિશે
– डॉ. निशा जोशी ने वर्तमान संदर्भ के अंतर्गत : मानव अधिकार और बालश्रमપર પેપર રજૂ કર્યું.

☞ **ડૉ. નિશા જોશી, ડૉ. રાવજી કોટવાલ, ડૉ. અર્ચના પંડ્યા :**

તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટીના હિન્દી વિભાગ તથા Study Abroad Programmeના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'साहित्य में संस्कृति की विभिन्न अभिव्यक्तियाँ – भारतीय एवं विदेशी भाषाओं के विशेष संदर्भ में વિષયક राष्ट्रीय संगोष्ठिમાં સહભાગી થયાં. જેમાં

– डॉ. निशा जोशी ने 'प्रेमचंद के उपन्यासों में मानवतावाद' पर प्रपत्र प्रस्तुत किया ।
– ડૉ. અર્ચના પંડ્યા (ગુજરાતી વિભાગ)એ 'कादंबरी की माँ'વિશે પેપર રજૂ કર્યું.

### ☞ हिन्दी तथा ગુજરાતી વિભાગ :

१४ सितंबर, २०१३ को 'हिन्दी दिवस' के उपलक्ष्य में राष्ट्रभाषा कॉलेज से गूजरात विद्यापीठ तक प्रतिवर्ष आयोजित भव्य रेली के अंतर्गत इस वर्ष की रेली में हिन्दी और गुजराती विषय की छात्राओं ने डॉ. निशा जोशी, डॉ. रावजी कोटवाल, डॉ. अर्चना पंड्या के नेतृत्त्व में पूरे उमंग और जोश के साथ भाग लिया । 'हिन्दी हमारी राष्ट्रभाषा है, इसका अधिक से अधिक उपयोग करें' । इस प्रकार के प्रचार से छात्राओं ने सारा आलम हिन्दीमय कर दिया ।

### ☞ કોમર્સ વિભાગ તથા HRM :

તા. ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ North India Technical Consultancy Organisation Ltd. (NITCON)ના નેજા હેઠળ Consultancy Development Centre, New Delhiના સહયોગ દ્વારા કોમર્સ તથા HRM વિભાગના સંયુક્ત ઉપક્રમે Building Awareness among Women Consultants in India વિષયક Workshopનું આયોજન કરવામાં આવ્યું. Workshopના આયોજનમાં ડૉ. સિરાલી મહેતા (આચાર્ય, એસ.એલ.યુ.કૉલેજ), પ્રા. ભરત પટેલ (કૉ-ઑર્ડિનેટર, Workshop), શ્રી મૃણાલ મહેતા (ફેકલ્ટી, HRM)એ સક્રિય ભૂમિકા ભજવી.

આ Workshopમાં HRM, કોમર્સની વિદ્યાર્થિનીઓ ઉપરાંત એસ.એલ.યુ. કૉલેજના આચાર્ય, અધ્યાપકો સહભાગી થયાં. સમગ્ર દિવસ દરમિયાન વિષયોચિત જ્ઞાનનું આદાન-પ્રદાન થયું.

Shri Rattan Singh (Managing Director, NITCON)એ Workshopના સમાપને જણાવ્યું કે, "સુંદર આયોજન અને જ્ઞાનપિપાસુ સહભાગીદારોના સહકારથી અહીં Workshop કર્યાનો સંતોષ અનુભવું છું. ભવિષ્યમાં પણ આવી Workshop કરવાની તક મળશે એવી આશા રાખું છું.

Workshopના સહભાગીદારોએ પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે, પ્રવર્તમાન સમયને અનુલક્ષીને યોજાયેલ આ Workshopએ અમારા જ્ઞાનમાં વધારો તો કર્યો છે. સાથે ભવિષ્ય ઘડતર માટે માર્ગદશન પણ પૂરું પાડ્યું છે.

પ્રિ. ડૉ. સિરાલી મહેતાએ સાનંદ જણાવ્યું કે, New Delhi નું Organization SLU Collegeમાં Workshop કરવાનું આયોજન કરે તે બાબત જ કૉલેજને ગૌરવ અપાવનારી છે."

Workshopના અંતે કૉ-ઑર્ડિનેટર પ્રા. ભરત પટેલે Workshopની સફળતા માટે સૌનો આભાર માન્યો.

### ☞ સમાજશાસ્ત્ર તથા ઇતિહાસ વિભાગ :

તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટની નિશ્રામાં ઇતિહાસ તથા સમાજશાસ્ત્રની વિદ્યાર્થિનીઓએ અમદાવાદ સ્થિત S. M. Patel Institute of Commerceના યજમાનપદે ગુજરાત લૉ સોસાયટી દ્વારા રમતગમત, યુવક કલ્યાણ અને સાંસ્કૃતિક વિભાગ – ગુજરાત સરકારના સહયોગથી આયોજિત વિક્રમ એકેડેમી ઑફ પરફોર્મિંગ આર્ટ્સના નાટક – 'યુગનાયક વિવેકાનંદ'ને નિહાળ્યું.

### ☞ CWDC, હિન્દી વિભાગ તથા IWW-VGS :

તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત એસ.એલ.યુ. આર્ટ્સ ઍન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કૉલેજ ફોર વિમેનના CWDC, હિન્દી વિભાગ તેમજ IWW VGS (International Womens Wing Vishva Gujarati Samaj) ના સંયુક્ત ઉપક્રમે કૉલેજ કેમ્પસમાં 'કબીર-વાણી' અંતર્ગત મૂલ્યનિષ્ઠ શિક્ષણ કાર્યક્રમનું આયોજન કૉલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું.

પ્રવર્તમાન સમયની ભાગ-દોડની દુનિયામાં નિસ્વાર્થભાવે વ્યક્તિત્વ ઘડતરની સાથોસાથ સમાજઉપયોગી કાર્યો પણ સરળ રીતે થઈ શકે તે બાબતની જાણકારી આપવાના હેતુથી યોજાયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. સિરાલી મહેતા (આચાર્ય, એસ.એલ.યુ. કૉલેજ)એ સૌને આવકારી, મૂલ્યનિષ્ઠ શિક્ષણના મહત્ત્વ વિશે જાણકારી આપી, કાર્યક્રમના મુખ્ય વક્તા Shri Reena Ginwala (Proprietor, Soul Spaces, Pune)નો પરિચય આપ્યો. ડૉ. નિશા જોશી (અધ્યક્ષા, હિન્દી વિભાગ)એ સ્મૃતિભેટ આપી તેમનું અભિવાદન કર્યું.

શ્રી રીના જીનવાલાએ આદ્ય સંત કબીરવાણીને કેન્દ્રમાં રાખી, રોજબરોજના વ્યવહારોના ઉદાહરણો તેમજ વારલી પેઇન્ટિંગસ્‌ને અનુલક્ષીને લોકભોગ્ય અને હળવી શૈલીમાં વક્તવ્ય આપતાં જણાવ્યું કે, "પ્રવર્તમાન સમયમાં ઉચ્ચ જીવનની અપેક્ષાએ માનવીની ભાગદોડ ખૂબ વધી ગઈ છે. માનવીઓ, ઓછા સમયમાં ભૌતિક સંપત્તિ મેળવવા ચારે તરફ વલખાં મારી રહ્યાં છે, પરિણામે મનમાં અનેક અજંપા સાથે પોતાનું જીવન જીવે છે. ક્યારેક તો ભીડમાં પણ માનવ એકલોની ઉક્તિનો ભોગ બનતો જોઈ શકીએ છીએ. આવી પરિસ્થિતિમાં સંત કબીર દ્વારા પ્રસારિત બાબતો આજે પણ પ્રસ્તુત થાય તો માનવી પોતાની જીવનયાત્રામાં પોતાના જીવન-મૂલ્યોને અનુસરીને સુખ-સમૃદ્ધિ પામી શકે છે."

શ્રી રીનાબહેને કબીરના દોહા તથા દોહાને આનુસંગિક વારલી પેઇન્ટિંગ્સ્‌ – બન્નેનો સમન્વય કરી, રસપ્રદ બાબતો જણાવી. તેમણે વધુમાં જણાવ્યું કે, "જીવનમાં 'મારું-મારું-મારું અને તારું-મારું-સહિયારું'ની ઉક્તિને સમર્થન ન આપવું જોઈએ. જીવનમાં લેવા કરતા આપવાની પ્રબળ ભાવના હોય તો તાણમુક્ત જીવન જીવાય છે. એટલું જ નહીં નિજાનંદ ખૂબ મળે છે. વળી, આધુનિક ટેક્નોલોજીની દુનિયામાં ભૌતિક સાધનો – મોબાઈલ-કમ્પ્યૂટર-ની ઉપયોગિતા ચોક્કસ વધી છે. તેનાથી અનેક લાભો પણ થાય છે. પણ સાથોસાથ તેની મર્યાદાઓ પણ છે જ. આપણે આવા સાધનોનો સદ્‌ઉપયોગ કરીએ તો માનવીય સંબંધો ઔપચારિક નહીં, પરંતુ અનૌપચારિક બનશે, જે સ્વસ્થ સમાજના નિર્માણમાં ફળદાયી નીવડશે.

શ્રી રીનાબહેનના વ્યાખ્યાનબાદ યોજાયેલ પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થિનીઓ તથા અધ્યાપકોએ વૈચારિક આદાન-પ્રદાન દ્વારા સવિશેષ માહિતી પ્રાપ્ત કરી.

વિદ્યાર્થિનીઓએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે, ''અભ્યાસક્રમ ઉપરાંત આ પ્રકારના કાર્યક્રમના આયોજનથી અમને માહિતી પ્રાપ્ત થાય છે. સાથોસાથ જીવનના પડકારોનો સામનો કરવાનું બળ મળે છે તેમજ અન્યને મદદરૂપ થવાની ભાવના કેળવાય છે.''

અંતમાં, કાર્યક્રમના સંચાલિકા ડૉ. શૈલજા ધ્રુવે (કન્વીનર, CWDC) સૌનો આભાર વ્યક્ત કરી, સંતોષપ્રદ ભાવિજીવન માટે સૌને શુભેચ્છાઓ પાઠવી.

## ★ લોકસભા ચૂંટણી-૨૦૧૪ :

ભારતની ૧૬મી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૪ અંતર્ગત નિર્ધારિત થયેલ હોદ્દાઓ અનુસાર મતદાન મથકોમાં...

– **પ્રમુખ અધિકારી** Presiding Officer **તરીકે**

ડૉ. મધુસુદન મુખરજી, પ્રા. ઘનશ્યામ અંજારા, પ્રા. નરવતસિંહ ડામોર, ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ, પ્રા. નિગમ પરીખ, ડૉ. જશવંત ઠક્કર, પ્રા. ભરતકુમાર પટેલ, ડૉ. રાવજી કોટવાલ.

– **મતદાન અધિકારી** Polling Officer **તરીકે**

પ્રિ. ડૉ. સિરાલી મહેતા, પ્રા. વરદા ભટ્ટ, પ્રા. રશ્મિ સોની, પ્રા. કેતલ ત્રિવેદી, ડૉ. શૈલજા ધ્રુવ, પ્રા. હિના પટેલ, ડૉ. દક્ષિણા શાહ, ડૉ. જૂઈ શાહ, ડૉ. દર્શના અંજારિયા, પ્રા. રૂપલ દેસાઈ, પ્રા. સ્મિતા દવે, ડૉ. પિંકેશકુમારી ગર્ગ, પ્રા. નયના પ્રજાપતિ, ડૉ. નીતા પટેલ, પ્રા. દિનેશ પટેલ, ડૉ. નિશા જોષી, ડૉ. અર્ચના પંડ્યા, પ્રા. મુકેશ બારૈયા, ડૉ. વર્ષા પ્રજાપતિ, શ્રી શાન્તિલાલ ડામોર, શ્રી ભરત ચુડાસમા, શ્રી શિવચરણ કવિશ્વર.

– **સેવાર્થી તરીકે**

શ્રી લાલજી પુરબીયા, શ્રી ચંદુલાલ અંસારી, શ્રી દિલીપકુમાર રાવલ, શ્રી પ્રકાશબાબુ ખિટોલીયા. સક્રિય કામગીરી કરી.

## ★ ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ :

- કૉલેજની શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થિનીઓ સક્રિય રસ લે છે.
- રમતગમત ક્ષેત્રે સિનિયર ખેલાડી ટીમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી, વિદ્યાર્થિનીઓ કૉલેજનું ગૌરવ વધારે છે.
- તા. ૭ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ યોજાયેલ ગરબા સ્પર્ધામાં દેવલ દવે અને રમીલા શાહ શ્રેષ્ઠ અભિવ્યક્તિ દ્વારા વિજેતા બન્યાં.

**નોંધ :** એસ.એલ.યુ.કૉલેજ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ અભિવ્યક્તિ દ્વારા ભાગીરથી કલાકૌશલ ટ્રોફી પ્રાપ્ત કરનાર કિર્તી જડિયાને ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ દ્વારા પુરસ્કાર આપી સન્માનવામાં આવી.

★ **NSS વિભાગ તથા સમુદાય સેવા ધારા :**

**પ્રોગ્રામ ઑફિસર તથા સમુદાય સેવા ધારાના કન્વીનર ડૉ. નિશા જોશીના** નેતૃત્ત્વ હેઠળ અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન થયું.

- તા. ૨૮ જૂન, ૨૦૧૩ના રોજ NSS વિશે માહિતી વિષયક ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં SEM-Iમાં પ્રવેશ મેળવનાર અને N.S.S.માં જોડાનાર વિદ્યાર્થિનીઓને N.S.S.ની પ્રવૃત્તિઓની રૂપરેખા આપવામાં આવી.

  N.S.S.માં પ્રવૃત્ત વિદ્યાર્થિનીઓએ પોતાના સ્વાનુભાવ દ્વારા સમાજસેવાની વિગતો વિશે રજૂઆત કરી.

  ડૉ. નિશા જોશીએ NSS અને મહિલાઓ દ્વારા સમાજકાર્ય' વિષયક માહિતીપ્રદ વિગતો જણાવી, વિદ્યાર્થિનીઓને સમાજકાર્ય માટે પ્રોત્સાહિત કરી. પૂર્વ પ્રોગ્રામ ઑફિસર પ્રા. ઘનશ્યામ અંજારાએ 'સમાજકાર્ય દ્વારા રાષ્ટ્રીય યોગદાન' વિશે સદૃષ્ટાંત માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું.

  વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ માટે રસ-રુચિ મુજબ ટીમોની રચના કરવામાં આવી. SEM-Vની વિદ્યાર્થિની પ્રિયંકા ભાવસારની મહામંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી. તદ્ઉપરાંત વર્ષ દરમિયાનની કૉલેજ તેમજ યુનિવર્સિટી કક્ષાની કામગીરીનું સમયપત્રક તૈયાર કરવામાં આવ્યું.

- તા. ૩ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ 'શિબિરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ' વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. મુખ્ય વક્તા પ્રા. નરવતસિંહ ડામોર (ઍસોસિયેટ પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, એસ.એલ.યુ. કૉલેજ)એ જણાવ્યું કે, N.S.S. દરમિયાન યોજાતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ શિબિરાર્થી તેમજ શિબિર સ્થળના રહીશો વચ્ચે પરિચય કેળવવામાં મદદરૂપ થાય છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંતર્ગત યોજાતા બૌદ્ધિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સમાજજીવનમાં જાગૃતિ લાવવાનું કામ કરે છે. સ્કીટ, એકપાત્રિય અભિનય, નાટક, શેરી નાટક વગેરે સમાજજીવનની સમસ્યાઓ નિવારણમાં – વીજળી બચાવો, પાણી બચાવો, બેટી બચાવો, શાળામાં પ્રવેશ કરો જેવી બાબતો – NSS શિબિરો ખૂબ ઉપયોગી નિવડે છે.

- તા. ૨૫-૨૭ ડિસેમ્બર, ૨૦૧૩ દરમિયાન દંતાલી (જિ.ગાંધીનગર)માં M. B. Patel Rashtrabhasha College, અમદાવાદ દ્વારા આયોજિત N.S.S. વિષયક Zonal Seminarમાં N.S.S.ની વિદ્યાર્થિનીઓ – મિત્તલ દેસાઈ, મોનિકા ચૌહાણ, ભારતી ચૌહાણ, સીમા મૌર્ય સહભાગી થઈ.

- તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ NSSના નેજા હેઠળ 'શિક્ષક દિન' નિમિત્તે આટ્ર્સ, કોમર્સ તથા હોમસાયન્સના ત્રણેય વિભાગમાં વિદ્યાર્થિનીઓએ શિક્ષકની ભૂમિકા ભજવીને ઉજવણી કરી.

  ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યના નેજા હેઠળ બાયસેગ (BISAG) દ્વારા પ્રસારિત-સંધાન-જીવંત વ્યાખ્યાન કાર્યક્રમ-અંતર્ગત પ્રસારિત ગુજરાત સરકારના કાર્યક્રમને અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓએ નિહાળ્યો.

- તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના Health Center દ્વારા પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. Dr. Mita Dani (Medical Officer, Health Center, Paldi)એ વિદ્યાર્થિનીઓએ 'પોલિયોની રસી'ના અનુસંધાનમાં વિવિધ પાસાંઓનું ડેમોન્સ્ટ્રેશન આપી, વિદ્યાર્થિનીઓને જાણકારી આપી.
- તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગ દ્વારા આયોજિત United We March અંતર્ગત National Youth Summit 1 February 2014માં પ્રોગ્રામ ઑફિસર ડૉ. નિશા જોશી તથા NSSની વિદ્યાર્થિનીઓ સહભાગી થયાં.
- તા. ૧૯-૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા National Immunization Day નિમિત્તે પલ્સ પોલિયો અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તાલીમાર્થી બહેનોએ અમદાવાદના જુદા જુદા વિસ્તારોના AMC Health Centre માં ઉપસ્થિત રહી, બહોળી સંખ્યામાં સેવાકીય પ્રવૃત્તિ કરી.

  **વિશેષ :** તા. ૨૩-૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમિયાન ઉપર્યુક્ત કાર્યક્રમનું વિસ્તરણ થયું. તેમાં પણ તાલીમાર્થી બહેનોએ જોડાઈને પોતાનું યોગદાન આપ્યું.

  AMC દ્વારા યોગદાન આપનાર પ્રત્યેક વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર તથા પુરસ્કાર આપી, સન્માનવામાં આવી.

### ➠ દત્તક ગામ :

જીવણપુરા (તા. સાણંદ, જિ. અમદાવાદ)માં વર્ષ દરમિયાન અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી. સ્વચ્છતા અભિયાન, પોલિયો જાગૃતિ અભિયાન, ભીંતસૂત્રલેખન, સાક્ષરતા અભિયાન, પ્રૌઢ શિક્ષણ, થેલેસેમિયા જાગૃતિ અભિયાન, HIV/AIDSના અનુસંધાનમાં લોકજાગૃતિ કાર્યક્રમો (NACOના સહયોગ દ્વારા) વિધવા સહાય પ્રવૃત્તિ, સરકાર દ્વારા મળતી વિવિધ સહાયો તેમજ ગ્રામીણ વિકાસ યોજનાઓ વિશે જાગૃતિ કાર્યક્રમો, વૃક્ષારોપણ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

### ☞ ડૉ. નિશા જોશી :

તા. ૧-૩ ઑગસ્ટ, ૨૦૧૩ દરમિયાન, અંબાજીમાં ગુજરાત યુનિવર્સિટીના NSS Unit દ્વારા NSS Programme Officers માટે આયોજિત Personality Development વિષયક સેમિનારમાં સહભાગી થયાં.

## ★ N.C.C. વિભાગ :

**NCCના Caretaker ડૉ. અર્ચના પંડ્યા**ના નેતૃત્ત્વ હેઠળ વર્ષ દરમિયાન NCCમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થિનીઓએ N.C.C.ની Army વિંગમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.

- વર્ષના પ્રારંભમાં આગંતુક કેટેટ્સને સિનિયર કેડેટ્સે આવકારી, સ્વ-અનુભવને આધારે N.C.C.ની જીવનમાં જરૂરિયાત વિશે સવિસ્તર માહિતી આપી.

ડૉ. અર્ચના પંડ્યાએ N.C.C. ક્ષેત્રની વિવિધ વિંગ્સ (Army, Navy તથા Air Force) તેમજ સાંપ્રત સમયમાં NCCની મહત્તા વિશે સવિસ્તર માહિતી આપી.

- વર્ષ દરમિયાન યોજાયેલ Annual Training Camp I to VI (અમદાવાદ), National Integration Camp, Combined Annual Training Camp (અમદાવાદ), Army Attachment Camp, All India NCC Girls Trekking Expedition Campમાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.

**હેમલત્તા સોનારા :**



– Army વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી કરી.
– તા. ૨૭ સપ્ટેમ્બર – ૬ ઑક્ટોબર, ૨૦૧૩ દરમિયાન અમદાવાદમાં આયોજિત CAT Camp (Combined Annual Training Camp)માં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.
– તા. ૭ ઑક્ટોબર – ૧૬ ઑક્ટોબર, ૨૦૧૩ દરમિયાન અમદાવાદમાં આયોજિત CAT Campમાં સક્રિય ભૂમિકા ભજવી.
– તા. ૨૨ ઑક્ટોબર – ૩૧ ઑક્ટોબર, ૨૦૧૩ દરમિયાન અમદાવાદમાં આયોજિત CAT Campમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.
– તા. ૭ જાન્યુઆરી – ૧૮ જાન્યુઆરી, ૨૦૧૪ દરમિયાન જૂનાગઢમાં Nation First Character Mustના નેજા હેઠળ આયોજિત National Integration Campમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.
– વર્ષ ૨૦૧૩માં યોજાયેલ B સર્ટિફિકેટની પરીક્ષામાં ઉત્તીર્ણ.
– વર્ષ ૨૦૧૩ દરમિયાન Camp Senior તરીકે ઉત્કૃષ્ટ કામગીરી, કરી, Sargent (સારજન્ટ)ની Rank પ્રાપ્ત કરી.

**રેખા મકવાણા :**



– Army વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી કરી.
– તા. ૧૬-૨૫ ઑગસ્ટ, ૨૦૧૩ દરમિયાન અમદાવાદમાં આયોજિત CAT Camp (Combined Annual Training Camp)માં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો. આ કેમ્પ દરમિયાન આયોજિત Inter Group Competition : Thal Sainik Camp - 2013માં ભાગ લીધો.
– તા. ૧૦-૨૧ ઑક્ટોબર, ૨૦૧૩ દરમિાન મુંબઈમાં આયોજિત NIC-II (National Integration Camp-II)માં સક્રિય ભૂમિકા ભજવી.

**ફરહિન પઠાણ :**



– Army વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી કરી.
– તા. ૧૬-૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમિયાન અમદાવાદમાં આયોજિત CAT Campમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.
– વર્ષ ૨૦૧૩માં યોજાયેલ B સર્ટિફિકેટની પરીક્ષામાં A ગ્રેડ પ્રાપ્ત કર્યો.

**સાઝમીન પરમાર :**



- Army વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી કરી.
- તા. ૧૬-૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમિયાન અમદાવાદમાં આયોજિત CAT Campમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.
- તા. ૭-૧૮ જાન્યુઆરી, ૨૦૧૪ દરમિયાન જૂનાગઢમાં Nation First-Character Mustના નેજા હેઠળ આયોજિત NI Campમાં સક્રિયપણે સહભાગી.
- વર્ષ ૨૦૧૩માં યોજાયેલ B   સર્ટિફિકેટની પરીક્ષામાં ઉત્તીર્ણ.
- વર્ષ ૨૦૧૩માં All India Seniorની Rank પ્રાપ્ત કરી.

**શુભમકુમારી જોગી :**



- Army વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી કરી.
- તા. ૨૭ સપ્ટેમ્બર – ૬ ઑક્ટોબર, ૨૦૧૩ દરમિયાન અમદાવાદમાં આયોજિત CATC કેમ્પમાં શ્રેષ્ઠ કામગીરી કરી.

  આ કેમ્પ દરમિયાન આયોજિત Dance Competition, Running તેમજ Long Jump Competitionમાં વિજેતા બનતાં Silver Medal પ્રાપ્ત કર્યો.
- તા. ૭-૧૮ જાન્યુઆરી, ૨૦૧૪ દરમિયાન જૂનાગઢમાં આયોજિત NIC-Iમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી.

**આરતી ગોહેલ :**



- Army વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી કરી.
- તા. ૧૬-૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમિયાન અમદાવાદમાં આયોજિત CAT Campમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.
- તા. ૭-૧૮ જાન્યુઆરી, ૨૦૧૪ દરમિયાન જૂનાગઢમાં આયોજિત NIC-Iમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી.

**મોનિકા ચૌહાણ :**



- Army વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી કરી.
- તા. ૧૬-૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમિયાન અમદાવાદમાં આયોજિત CAT Campમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.
- તા. ૭-૧૮ જાન્યુઆરી, ૨૦૧૪ દરમિયાન જૂનાગઢમાં આયોજિત NIC-Iમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી.

## ★ રમતગમત વિભાગ તથા વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા :

**વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારાના કન્વીનર તથા શારીરિક શિક્ષણ અને રમત-ગમત વિભાગના પ્રા. મુકેશકુમાર બારૈયાના** માર્ગદર્શન હેઠળ વર્ષ દરમિયાન વિવિધ રમતોની તાલીમ શિબિર તથા સ્પર્ધાઓનું સફળતાપૂર્વક આયોજન થયું.

- શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં તા. ૫ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ કૉલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓમાં રમત પ્રત્યે અભિમુખતા કેળવાય એ હેતુથી ચેસ, કેરમ, લંગડી, બેડમિન્ટન, દોરડાકૂદ અને રીલે દોડ જેવી રમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તમામ રમતસ્પર્ધાના વિજેતાઓ તેમજ પ્રતિભાગીને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં.
- તા. ૬ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ ઋષિરાજ કરાટે ક્લાસીસના શ્રી ઋષિરાજભાઈ દ્વારા અને અમદાવાદ પોલીસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા સૂચિત કરાટે-માર્શલ આર્ટની તાલીમ તથા ડેમોસ્ટ્રેશન – માર્ગદર્શન આપવામાં આવ્યું. તે અંતર્ગત વિદ્યાર્થિનીઓને સ્વ-સુરક્ષા માટેની ઉપયોગી તાલીમ આપવામાં આવી, તેમાં વિદ્યાર્થિનીઓએ રસપૂર્વક ભાગ લીધો.
- તા. ૧૩ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ વિદ્યાર્થિનીઓમાં ફીટનેસ અંગે જાગૃતિ કેળવાય અને રમત પ્રત્યે અભિરુચિ જળવાય એ હેતુથી "ભાગ એસ.એલ.યુ. ભાગ"ના નેજા હેઠળ ક્રોસકન્ટ્રી દોડનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૉલેજના શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ સાથે બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ જોશભેર ભાગ લીધો.
- તા. ૧૭ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ વિભાગ આંતરકૉલેજ – ચેસ સ્પર્ધા સમિતિના અધ્યક્ષ પ્રિ. ડૉ. સિરાલી મહેતાની અધ્યક્ષતામાં મીટિંગનું આયોજન થયું. તેમાં પ્રા. મુકેશકુમાર બારૈયા તથા સમિતિના અન્ય સભ્યો હાજર રહ્યા.
- તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ "સ્વસ્થ જીવનમાં યોગનું મહત્ત્વ" વિષય અંતર્ગત પ્રા. જયેશકુમાર મુંગરા (અધ્યાપક, આટ્‌ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, વસો)એ વ્યાખ્યાન આપ્યું. જેમાં વિદ્યાર્થિનીઓને યોગાસન અંગેની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી.

## ● ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત સ્પર્ધાઓ :

- તા. ૧૦ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ એલ.ડી.આટ્‌ર્સ કૉલેજના યજમાનપદે **આંતરકૉલેજ ક્રોસકન્ટ્રી સ્પર્ધા**નું આયોજન થયું. જેમાં **કૉલેજ ટીમ** સુંદર રમતપ્રદર્શન કરીને સમગ્ર સ્પર્ધામાં **તૃતીય સ્થાન** મેળવ્યું. ટીમના સભ્યો : ઝાલા મનિષા, ઠાકોર હર્ષિદા, લેઉઆ દર્શિની, દવે અનામિકા, શેખ સાલેહા, ગજ્જર પ્રકૃતિ, બ્રહ્મઋષિ ચિત્રા અને પાટીલ અંકિતા. તે પૈકી **ઝાલા મનિષાની પસંદગી ઈન્ટરઝોનલ સ્પર્ધા માટે** થઈ હતી.
- તા. ૧૪ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ ગુજરાત યુનિવર્સિટી, જીમખાના મુકામે આંતર કૉલેજ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન થયું. તેમાં કૉલેજની વિદ્યાર્થિની જહાન્વી શુક્લા અને અલ્ફીના પઠાણએ સરસ રમત દેખાવ કર્યો.

- તા. ૨૧ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ એસ.એલ.યુ. કૉલેજના યજમાનપદે, ગુજરાત યુનિવર્સિટી, જીમખાના મુકામે આંતરકૉલેજ ચેસ સ્પર્ધાનું આયોજન થયું. તેમાં પૂજા મિસ્ત્રી અને કિંજલ વેગડાએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૬ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ ગુજરાત યુનિવર્સિટી જીમખાના મુકામે **આંતરકૉલેજ જૂડો સ્પર્ધાનું** આયોજન થયું. તેમાં **કૉલેજ ટીમે** શાનદાર રમતપ્રદર્શન કરીને સમગ્ર સ્પર્ધામાં **રનર્સઅપ** થઈ હતી. જેમાં **અશમેરા શેખે** (૪૪ કિ.ગ્રા. વજનજૂથમાં) **પ્રથમ સ્થાન** મેળવ્યું. ૪૮ કિ.ગ્રા. વજનજૂથમાં **કરમોકર હિમાનીએ પ્રથમ સ્થાન** અને **અલ્ફીના પઠાણે દ્વિતીય સ્થાન** મેળવ્યું. આ **ત્રણેય વિદ્યાર્થિનીઓની પસંદગી ઈન્ટરઝોનલ સ્પર્ધા માટે** થઈ.
- તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ સ્પોર્ટસ કૉમ્પલેક્ષ, ખોખરા મુકામે ગુજરાત યુનિવર્સિટી **ઈન્ટરઝોનલ જૂડો સ્પર્ધાનું** આયોજન થયું હતું. જેમાં કૉલેજની **અશમેરા શેખ અને હિમાની કરમોકર** પોતાના વજન જૂથમાં **પ્રથમ સ્થાને** વિજેતા બન્યાં. જ્યારે **અલ્ફીના પઠાણે દ્વિતીય સ્થાને** વિજેતા બની. **અશમેરા શેખ અને હિમાની કરમોકરની પસંદગી ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટી જૂડો સ્પર્ધા માટે** થઈ.
- તા. ૨૬-૨૮ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ ગુજરાત યુનિવર્સિટી, સિન્થેટીક ટ્રેક ખાતે **વાર્ષિક ખેલકૂદ રમતોત્સવનું** આયોજન થયું. તેમાં મનિષા ઝાલા, હર્ષિદા ઠાકોર, સેજલ તલસાણીયા, અલ્ફીના પઠાણ, પૂજા રબારી અને બ્રહ્મઋષિ ચિત્રાએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું. તે પૈકી **મનિષા ઝાલાએ ૧૫૦૦ મીટર દોડ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવીને સિલ્વર મેડલ હાંસલ કર્યો.**
- તા. ૬-૮ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમિયાન ગુરુ નાનકદેવ યુનિવર્સિટી, અમૃતસર મુકામે યોજાયેલ **ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી જૂડો સ્પર્ધા**માં કૉલેજની **અશમેરા શેખ અને હિમાની કરમોકરે** ગુજરાત યુનિવર્સિટી ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ બંને વિદ્યાર્થિનીઓએ લડાયક મુકાબલાઓ જીતી ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચીને, Best of Eight **માં સ્થાન** મેળવીને કૉલેજ તથા યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું હતું.

## અન્ય પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ :

- ૨૨-૨૬ મે, ૨૦૧૩ દરમિયાન સોનીપત, હરિયાણ મુકામે ઓલ ઈન્ડિયા થ્રો બોલ ટુર્નામેન્ટનું આયોજન થયું. જેમાં કૉલેજની સિનિયર વિદ્યાર્થિનીઓ સુમન શેખાવત, પલક સોંદરવા, રાજેશ્વરી પુજારી અને પૂજા મોદીએ ગુજરાત રાજ્યની ટીમમાં પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ૧ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ મહાજન શક્તિદળ આયોજિત રાજ્યકક્ષાની ચેસ સ્પર્ધાનું આયોજન ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મુકામે થયું. તેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ : પૂજા મિસ્ત્રી, કિંજલ વેગડા, અલ્ફીના પઠાણ અને પૂજા રબારીએ ઉત્સાહભેર ભાગ લીધો. તેમને પ્રોત્સાહક ઈનામો તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં.

- તા. ૫ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ અમદાવાદ જિલ્લા જૂડો ફેડરેશન આયોજિત જિલ્લા કક્ષાની જૂડો સ્પર્ધામાં **હિમાની કરમોકરે પ્રથમ સ્થાન અને અશમેરા શેખે દ્વિતીય સ્થાન** મેળવ્યું. આ **બંને વિદ્યાર્થિનીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે થઈ.**
- તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ સ્પોર્ટ્સ કૉમ્પલેક્ષ, ખોખરા મુકામે યોજાયેલ **રાજ્યકક્ષાની જૂડો સ્પર્ધામાં અશમેરા શેખે દ્વિતીય સ્થાન** અને **હિમાની કરમોકરે તૃતીય સ્થાન** મેળવ્યું.
- તા. ૨૨-૨૩ નવેમ્બર, ૨૦૧૩ના રોજ એમ. બી. રાષ્ટ્રભાષા કૉલેજ દ્વારા આયોજિત ચેસ સ્પર્ધામાં કૉલેજની વિદ્યાર્થિનીઓ પૂજા મિસ્ત્રી અને કિંજલ વેગડાએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ ગુજરાત સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત "સાબરમતી મેરેથોન" Run For Unity માં કૉલેજની વિદ્યાર્થિનીઓ : હર્ષિદા ઠાકોર, મનિષા ઝાલા, પ્રકૃતિ ગજ્જર, અલ્ફીના પઠાણ, પૂજા રબારી અને દર્શિની લેઉઆએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.
- તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ નવગુજરાત કૉલેજ કેમ્પસ દ્વારા આયોજિત **'મીની મેરેથોન' દોડમાં** કૉલેજની વિદ્યાર્થિનીઓ – મનિષા ઝાલા, હર્ષિદા ઠાકોર, અનામિકા દવે, દર્શિની લેઉઆ અને પ્રકૃતિ ગજ્જરે સરસ રમત દેખાવ કર્યો. તે પૈકી **મનિષા ઝાલા**એ સમગ્ર દોડ સ્પર્ધામાં **ચતુર્થ સ્થાન** મેળવ્યું. તેમને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

## વિશિષ્ટ સિદ્ધિ :

**સ્પોર્ટસ ઓથોરીટી ઑફ ગુજરાત** દ્વારા રમતને પ્રોત્સાહન આપવા માટે Excellence in Sports યોજનાની જાહેરાત કરી છે. આ યોજના અંતર્ગત રમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીને પ્રતિમાસ ૪૨૬૦ રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. કૉલેજની વિદ્યાર્થિની **હિમાની કરમોકરની પસંદગી** આ શિષ્યવૃત્તિ માટે થઈ.

## ખેલમહાકુંભ : ૨૦૧૩-૨૦૧૪ સ્પર્ધાઓ :

- નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૩ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ખેલમહાકુંભ : ૨૦૧૩-૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું. તેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓએ વિવિધ રમતોમાં જિલ્લા કક્ષા અને રાજ્યકક્ષાએ ભાગ લઈને ઈનામો પ્રાપ્ત કર્યાં.
- ૧૨ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ શ્યામજીકૃષ્ણ વર્મા રમતસંકુલ, રાયપુર મુકામે યોજાયેલ **જિલ્લા કક્ષાની રસ્સાખેંચ સ્પર્ધામાં કૉલેજની ટીમે તૃતીય સ્થાને વિજેતા બની.** ટીમના સભ્યો : સુમન શેખાવત, ભૂમિકા જાની, અલ્ફીના પઠાણ, પૂજા રબારી, પલક સોંદરવા મોનિકા સોલંકી, રાજેશ્વરી પુજારી અને પ્રીતિ પટેલ. **આ જ ટીમ વોર્ડ કક્ષા** અને **ઝોન કક્ષાએ ચેમ્પિયન** બની.
- ૧૦ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ સ્પોર્ટસ કૉમ્પલેક્ષ, ખોખરા મુકામે **જિલ્લા કક્ષાની જૂડો સ્પર્ધા**નું આયોજન થયું. જેમાં **અશમેરા શેખે પ્રથમ** અને **હિમાની કરમોકરે દ્વિતીય સ્થાન** પ્રાપ્ત કર્યું.

# ગૌરવવંતા ખેલાડીઓ



હિમાની કરમોકર



હર્ષિદા ઠાકોર



અશમેરા શેખ



મનિષા ઝાલા



અલ્ફીના પઠાણ



આનંદી સોલંકી



પૂજા રબારી

- ૧૦ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ સ્પોર્ટસ કૉમ્પલેક્ષ, ખોખરા મુકામે **જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધાનું** આયોજન થયું. તેમાં કૉલેજની **સિનિયર વિદ્યાર્થિનીઓ ભૂમિકા જાની** અને **સુમન શેખાવતે તૃતીય સ્થાન** મેળવ્યું.
- તા. ૨૨-૨૩ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ સ્પોર્ટસ કૉમ્પલેક્ષ, ખોખરા મુકામે **રાજ્યકક્ષાની જૂડો સ્પર્ધાનું** આયોજન થયું. જેમાં **હિમાની કરમોકરે દ્વિતીય સ્થાન મેળવીને સિલ્વર મેડલ** પ્રાપ્ત કર્યો.

આ ઉપરાંત વોર્ડ કક્ષા અને ઝોન કક્ષાએ એથ્લેટિક્સમાં હર્ષિદા ઠાકોર, મનિષા ઝાલા, દર્શિની લેઉઆ અને પ્રકૃતિ ગજ્જરે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું. જ્યારે જહાન્વી શુક્લાએ બેડમિન્ટનમાં કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

## કૉલેજ વાર્ષિક રમતોત્સવ :

તા. ૨૧-૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમિયાન કૉલેજ વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ચેસ, કેરમ, બેડમિન્ટન, લંગડી, દોરડાકૂદ, રસ્સાખેંચ, સંગીતખુરશી તથા એથ્લેટિક્સ રમતની દોડ, કૂદ અને ફેંક ઈવેન્ટ મળીને કુલ-૧૨ રમતોની સ્પર્ધા યોજાઈ. જેમાં ખેલાડી બહેનો તથા કૉલેજના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો. દરેક રમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં.

વ્યક્તિગત રમતમાં એક વિદ્યાર્થિની કોઈપણ ત્રણ રમતમાં ભાગ લઈ શકે અને ત્રણેય રમતોમાં વધુમાં વધુ ગુણ મેળવનાર ખેલાડીને – BEST ATHLETE જાહેર કરવામાં આવે છે. (પ્રથમ-૩ ગુણ, દ્વિતીય-૨ ગુણ અને તૃતિય-૧ ગુણ). જેમાં **હર્ષિદા આર. ઠાકોર** (B.A.SEM-IV)એ સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરતાં તેને **BEST ATHLETE ટ્રોફી એનાયત** કરવામાં આવી.

## સાહસિક પ્રવૃત્તિઓ :

તા. ૨૯ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી, ૨૦૧૪ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી, યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા ઓખા, જામનગર મુકામે યોજાયેલ 'મરીન કેમ્પ'માં કૉલેજની વિદ્યાર્થિનીઓ : પ્રિયંકા ભાવસાર, રીના રામી અને તલસાણીયા સેજલે સફળતાપૂર્વક ભાગ લીધો.

તા. ૧૪-૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા કચ્છના રણમાં યોજાયેલ 'ડેઝર્ટ કેમ્પ'માં હર્ષિદા આર. ઠાકોરે કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

## ☞ પ્રા. મુકેશકુમાર બારૈયા :

- તા. ૨૯ જૂન, ૨૦૧૩ના રોજ એચ.એલ.કૉલેજ ઑફ કોમર્સ મુકામે યોજાયેલ One day Certificate Course cum Workshop on Sports First Aid.માં સહભાગી થયાં.
- તા. ૨૧-૨૩ ડિસેમ્બર, ૨૦૧૩ દરમિયાન વિસનગર મુકામે યોજાયેલ રાજ્યકક્ષાના ખેલમહાકુંભ-૨૦૧૩-૧૪માં એથ્લેટિક્સ રેફરી તરીકે નિયુક્ત થયાં.

- તા. ૬-૮ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમિયાન ગુરુનાનકદેવ યુનિવર્સિટી, અમૃતસર, પંજાબ મુકામે યોજાયેલ ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી જૂડો સ્પર્ધામાં ગુજરાત યુનિવર્સિટી ટીમ કોચ / મેનેજર તરીકે નિયુક્ત થયાં.
- તા. ૧૪-૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમિયાન M.S. યુનિ. વડોદરામાં ગુજરાત સ્ટેટ એમેચ્યોર એથ્લેટિક્સ એસોસિએશન આયોજિત રાજ્યકક્ષાના Athletics Technical Official Seminarમાં સહભાગી થયાં.
- તા. ૧-૨ માર્ચ, ૨૦૧૪ દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા મુકામે યોજાયેલ Modern Trend in Physical Education and Sports સેમિનારમાં સહભાગી થયાં.
- શૈક્ષણિક વર્ષ – ૨૦૧૩-૧૪ દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા પરીક્ષક તરીકે નિયુક્ત થયાં.

આમ, **વર્ષ દરમિયાન કૉલેજ વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી રહી.**

**વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી આ કૉલેજની તમામ પ્રકારની પ્રવૃત્તિઓ પ્રિન્ટ તથા ઇલેક્ટ્રોનિક મીડિયા દ્વારા યથોચ્છિત પ્રચાર-પ્રસાર પામી.**

❀ ❀ ❀

Books should go where they will be most appreciated, and not sit unread, gathering dust on a forgotten shelf, dont you agree ?

**Christopher Paolini**

# વિદ્યાર્થિની પ્રતિનિધિ મંડળના હોદ્દેદારો

**(૨૦૧૩-૨૦૧૪)**



**નૂઝહત અમીરુદ્દીન શેખ**
સામાન્ય મંત્રી



**સનાબાનુ અબ્દુલરહીમ શેખ**
સાંસ્કૃતિક મંત્રી



**કૌસરબાનુ મોહમ્મદઅનીસ અન્સારી**
ચર્ચા મંત્રી



**મિનલ કિરીટસિંહ ચાવડા**
રમતગમત મંત્રી



**મયૂરી ભરતભાઈ નંદાણી**
ખજાનચી



**અર્પિતા જગદીશભાઈ જાદવ**
કૉ-ઑપ્ટ. કોમર્સ



**બુશરા ઈકબાલભાઈ અજમેરવાલા**
કૉ-ઑપ્ટ. આર્ટ્સ